NAVSARJAN SANSKRUTI RNI No. GUJGUJ/2016/70752

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 169
Dt.: 25-04-2025,
Friday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com

૨૩ના મોત, અનેક ટેન્ટ સળગ્યાં

જે સ્કૂલમાં લોકોએ આશ્રય લીધો ત્યાં જ ઈઝરાયલે બોમ્બમારો કર્યો

ઈઝરાયેલનું લશ્કર સામાન્ય નાગરિકોના મોત માટે હમાસને જ જવાબદાર ઠેરવતું આવ્યું છે, કારણ કે હમાસના નાગરિકો ગીચ વસ્તીની અંદર છૂપાયેલા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)જેરૂસલેમ

ઈઝરાયેલે ગાઝા સિટીમાં શેલ્ટર હોમ બનાવી દીધેલી સ્કૂલ પર હુમલો કરતાં ૨૩ના મોત થયા છે. આ હુમલામાં કેટલાક ટેન્ટમાં આગ લાગતા કેટલાક લોકો જીવતા સળગી ગયા હતા. ઈઝરાયેલ તરફથી આ હુમલાને લઈને કોઈપણ પ્રકારની ટિપ્પણી આવી નથી. બીજી બાજુએ આરબ મધ્યસ્થીકારો ઈઝરાયેલ અને હમાસ વચ્ચે પાંચથી સાત વર્ષના લાંબા ગાળાની શાંતિના કરાર માટેના પ્રયાસ આદર્યા છે. ઈઝરાયેલનું લશ્કર સામાન્ય નાગરિકોના મોત માટે હમાસને જ જવાબદાર ઠેરવતું આવ્યું છે, કારણ કે હમાસના નાગરિકો ગીચ વસ્તીની અંદર છૂપાયેલા છે. ઈઝરાયેલે ગાઝા ફરતે લગભગ બે મહિનાથી નાખેલા ઘેરાના કારણે ત્યાંના લોકો સુધી માનવીય સહાય પહોંચવી લગભગ અશક્ય બની ગઈ છે. આ બદલ ળાન્સ, જર્મની અને બ્રિટને ઈઝરાયેલની ટીકા કરી છે. ત્રણેય દેશ ઈઝરાયેલના ગાઢ સહયોગી માનવામાં આવે છે.પેલેસ્ટાઈનમાં વેસ્ટ બેન્કના પ્રમુખ મહમુદ અબ્બાસીએ હમાસને બંધકોને મુક્ત કરવા જણાવ્યું છે. તેણે ભારપૂર્વક જણાવ્યું હતું કે હમાસે શસ્ત્રો ત્યજી દેવા જોઈએ. તેણે હમાસની તુલના ફૂતરાઓ સાથે કરી હતી, જે ભસભસ તો કરે છે પણ કશું કરી શકતું નથી.જો કે પશ્ચિમ સમર્થન પેલેસ્ટાઈની સત્તામંડળના વડા અબ્બાસ હમાસ પર કોઈ પ્રભાવ ધરાવતા નથી. બીજી બાજુ હમાસની માંગ છે કે ઈઝરાયેલ ગાઝાપટ્ટી પરથી સંપૂર્ણપણે હટી નહીં જાય ત્યાં સુધી તે બંધકો નહીં છોડે. તેને અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ અને ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામીન નેતન્યાહુ પર વિશ્વાસ નથી.

રાષ્ટ્રપતિને હુમલા વિશે માહિતી આપી

અમિત શાહ અને જયશંકરે રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી

જયશંકરે ૨૦ દેશોના રાજદૂતો સાથે કરી સિક્રેટ બેઠક

(સંપૂર્ણ સમાચાર સેવા)પહેલગામ

પહેલગામ આતંકી હુમલા બાદ આખા દેશમાં આક્રોશ છવાયેલો છે. લોકો ૨૮ નાગરિકોના મોત સામે બદલો લેવાની માંગ કરી રહ્યાં છે. ત્યારે આ વચ્ચે કંઈક એવું બન્યું છે, જેનાથી ભારત પાકિસ્તાન સામે બદલો લેશે તેવો અંદેશો આવી રહ્યો છે. ગૃહમંત્રી અમિત શાહ અને વિદેશ મંત્રી જયશંકરે રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી છે અને તેમને હુમલા વિશે માહિતી આપી હતી.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુ સાથે ગૃહમંત્રીએ અચાનક મુલાકાત કરતા ચર્ચા વહેતી થઈ છે. ગૃહમંત્રી અમિત શાહે રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી છે. વિદેશમંત્રી એસ જયશંકર પણ બેઠકમાં ઉપસ્થિત રહ્યાં છે. ગૃહમંત્રીએ પહલગામ હુમલાની જાણકારી આપી છે. ભારતે એકાએક વિવિધ દેશોના રાજદૂતો સાથે બેઠક કરી છે. કેટલાક વિદેશના રાજનાયિકો વિદેશ મંત્રાલય પહોંચ્યા છે. ૨૦ દેશોના રાજનાયિકો વિદેશ મંત્રાલય પહોંચ્યા છે. જેઓને પહેલગામ હુમલાની જાણકારી આપવામાં આવશે. ભારતે પહેલગામ આતંકવાદી હુમલા અંગે વિદેશ મંત્રાલયના મુખ્યાલયમાં જાણકારી આપવા માટે અમેરિકા, યુકે, ઈયુ, ઈટાલી, કતાર, જાપાન, ચીન, રશિયા, જર્મની, ફ્રાન્સ વગેરેના ઉચ્ચ રાજદૂતોને બોલાવ્યા.

આતંકી હુમલો બાદ ભારત લાલચોળ ખતા પાકિસ્તાનમાં ભારતના હુમલાનો ખૌફ પેદા થયો છે. પાકિસ્તાન એર ફોર્સ હાઈઅલર્ટ પર મૂકાયું છે. પાકિસ્તાને અરબ સાગરમાં નો ફ્લાઈ ઝોન જાહેર કર્યો છે. પાકિસ્તાને અટારી બોર્ડર બંધ કરી છે. તો પાકિસ્તાને ભારત સાથે વેપાર બંધ કરવાની જાહેરાત પણ કરી દીધી છે. પાકિસ્તાને તમામ ભારતીયો વીઝા રદ કર્યા છે. ભારતીયોને ૪૮ કલાકમાં પાકિસ્તાન છોડવા આદેશ કર્યો છે.

માત્ર ૩ દિવસનો સમય

ભારતમાં રોકાયેલા તમામ પાકિસ્તાનીઓના વિઝા રદ

પાકિસ્તાની નાગરિકોના ભારત વિઝા ૨૭ એપ્રિલ સુધી જ માન્ય રહેશે : મેડિકલ વિઝા ૨૯ એપ્રિલ સુધી માન્ય

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પહલગામ આતંકી હુમલા મુદ્દે ભારતે પાકિસ્તાન વિરૂદ્ધ પાંચ મોટા નિર્ણયો લીધા છે. જેમાં ભારતમાં રહેતાં તમામ પાકિસ્તાની નાગરિકોને ત્રણ દિવસની અંદર પાકિસ્તાન પરત ફરવાનો આદેશ આપવામાં આવ્યો છે. પાકિસ્તાની નાગરિકોના ભારત વિઝા ૨૭ એપ્રિલ સુધી જ માન્ય રહેશે. બીજી બાજુ પાકિસ્તાન નાગરિકોના ભારત માટે મેડિકલ વિઝા ૨૯ એપ્રિલ સુધી માન્ય રહેશે. જેથી પાકિસ્તાનીઓને વિઝા રદ થાય તે પહેલાં પોતાના વતન પરત ફરી જવા આદેશ આપવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારે ગઈકાલે સાંજે કરેલી કેબિનેટ બેઠકમાં પાકિસ્તાની નાગરિકોને ભારત છોડવા માટે ૪૮ કલાકનો સમય આપ્યો હતો. આ આદેશને અનુરૂપ અનેક પાકિસ્તાની નાગરિકો અટારી-વાઘા બોર્ડરથી પોતાના સ્વદેશ પરત ફર્યા હતાં. હવે તેમના વિઝા માત્ર ૨૭ એપ્રિલ સુધી જ માન્ય રહેવાનો આદેશ આપવામાં આવ્યો છે. બીજી તરફ કેન્દ્ર સરકારે પાકિસ્તાનમાં રહેતાં અને પ્રવાસે ગયેલા ભારતીયોને તુરંત જ સ્વદેશ પરત ફરવા સલાહ આપવામાં આવી છે. સરકારનું આ પગલું જમ્મુ-કાશ્મીરના પહલગામમાં આતંકવાદી હુમલા બાદ લેવામાં આવ્યું છે. આ હુમલામાં ૨૬ લોકોએ જીવ ગુમાવ્યા છે. જેમાં ગુજરાતના ત્રણ અને બે વિદેશી સામેલ છે. આ ક્રૂર આતંકવાદી હુમલા બાદ કેન્દ્ર સરકાર પાકિસ્તાનનો બહિષ્કાર કરતાં વિવિધ પ્રતિબંધો મૂકી રહી છે. વિદેશી બાબતોના મંત્રાલયે ભારતીયોને પાકિસ્તાનનો પ્રવાસ ન કરવા ચોખ્ખી ના પાડી છે.

બેઠકમાં અટારી-વાઘા બોર્ડર પણ તાત્કાલિક ધોરણે બંધ કરવાની જાહેરાત થઈ હતી. જે લોકો કાયદેસર વિઝા સાથે પાકિસ્તાન ગયા છે, તે તમામ ભારતીયો ૧ મે પહેલાં આ માર્ગે પરત ફરી શકે છે. આજે સવારે અનેક પાકિસ્તાની પરિવાર અટારી-વાઘા બોર્ડરથી સ્વદેશ પરત ફરવા અમૃતસર સ્થિત આઈસીપી પહોંચ્યા હતાં.

આતંકવાદ માનવતાનો દુશ્મન છે : મુકેશ અંબાણી

પહલગામ હુમલા પર મુકેશ અંબાણીએ દુ:ખ વ્યક્ત કર્યું

આતંકી હુમલામાં ઈજાગ્રસ્તોની રિલાયન્સ ફાઉન્ડેશનની સર એચ.એન હોસ્પિટલમાં મફતમાં સારવાર કરાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

જમ્મુ-કાશ્મીરના પહલગામમાં મંગળવારે થયેલા આતંકવાદી હુમલાએ આખા દેશને હચમચાવી નાખ્યો છે. આ આતંકી હુમલામાં ૩ ગુજરાતી સહિત ૨૬ લોકોના મોત નિપજ્યા છે. જેના કારણે આખા દેશમાં પાકિસ્તાન સામે રોષ ભભૂકી ઉઠ્યો છે. ઠેર-ઠેર વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યા છે, તો કેન્દ્ર સરકાર દ્વારા પણ કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. સુરક્ષા એજન્સીઓ એલર્ટ થઈ ગઈ છે. દરિયાકાંઠા વિસ્તારો અને પાકિસ્તાની સરહદ વિસ્તારોમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે.

જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકી હુમલાની રાજનેતાઓ, રમત ગમત જગતના ખેલાડીઓ, ફિલ્મ સ્ટાર્સ, ઉદ્યોગપતિઓએ નિંદા કરી છે. એવામાં હવે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર મુકેશ અંબાણીએ આ આતંકી હુમલાને દુ:ખદ ગણાવ્યો છે અને નિર્દોષ ભારતીયોના મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો છે. સાથે જ તેમણે આતંકી હુમલામાં ઈજાગ્રસ્ત થયેલા લોકોની રિલાયન્સ ફાઉન્ડેશનની સર એચ.એન હોસ્પિટલમાં મફતમાં સારવાર કરવામાં આવશે તેવી જાહેરાત પણ કરી છે. મુકેશ અંબાણીએ કહ્યું કે, પહલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં નિર્દોષ ભારતીયોના મૃત્યુ પર રિલાયન્સ પરિવાર શોક વ્યક્ત કરે છે. પીડિત પરિવારો પ્રત્યે અમે અમારી હૃદયપૂર્વકની સંવેદના વ્યક્ત કરીએ છીએ. અમે આ હુમલામાં ઈજાગ્રસ્ત થયેલા તમામ લોકો ઝડપથી સ્વસ્થ થઈ જાય તે માટે પ્રાર્થના કરીએ છીએ. તેમણે કહ્યું કે, મુંબઈ ખાતે આવેલી અમારી રિલાયન્સ ફાઉન્ડેશનની સર એચ.એન હોસ્પિટલમાં પહલગામ આતંકી હુમલામાં ઈજાગ્રસ્ત થયેલા લોકોની મફતમાં સારવાર કરવામાં આવશે.

તેમણે વધુમાં કહ્યું કે, આતંકવાદ માનવતાનો દુશ્મન છે. તેને કોઈએ કોઈ પણ રીતે સમર્થન આપવું જોઈએ નહીં. અમે આતંકવાદના ખતરા સામેની નિર્ણાયક લડાઈમાં માનનીય વડાપ્રધાન, ભારત સરકાર અને સમગ્ર દેશની સાથે ઊભા છીએ.

પહલગામ આતંકી હુમલા પર સર્વદળીય બેઠક

તમામ એક્શન પર સરકારને સંપૂર્ણ સપોર્ટ: રાહુલ ગાંધી

આજે સાંજે સર્વદળીય બેઠક બોલાવાઈ હતી, જેની અધ્યક્ષતા સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કરી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

જમ્મુ કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાને લઈને કેન્દ્ર સરકારે કેટલાક મહત્ત્વના પગલાં ભર્યા છે. બુધવારે પાકિસ્તાન વિરૂદ્ધ પાંચ મોટા નિર્ણયો લીધા બાદ હવે આજ ગુરૂવારે વિદેશ મંત્રી એસ. જયશંકર અને ગૃહમંત્રી અમિત શાહ રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂ સાથે મુલાકાત કરવા પહોંચ્યા હતા. આ ઉચ્ચસ્તરીય બેઠક સુરક્ષા સ્થિતિની ગંભીરતા અને આગામી રણનીતિઓ પર ચર્ચાને ધ્યાને રાખતા મહત્ત્વની મનાઈ રહી છે. ત્યારબાદ આજે સાંજે સર્વદળીય બેઠક બોલાવાઈ હતી. જેની અધ્યક્ષતા સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કરી હતી.

સર્વદળીય બેઠકમાં અમિત શાહ, એસ. જયશંકર, કિરેન રિજિજૂ, મલ્લિકાર્જુન ખડગે, રાહુલ ગાંધી, જેપી નડ્ડા, સપાના રામગોપાલ યાદવ, બીજૂ જનતા દળના સસ્મિત પત્રા, ડીએમકેના ત્રિચી શિવા, આપના સંજય સિંહ સહિતના દિગ્ગજ નેતાઓ હાજર રહ્યા હતા. આ સાથે કેન્દ્રીય ગૃહ સચિવ, કેન્દ્રીય સંસદીય કાર્ય સચિવ, આઈબી ડાયરેક્ટર પણ હાજર રહ્યા. સર્વદળીય બેઠકમાં પહલગામ ઘટનાના મૃતકોને શ્રદ્ધાંજલિ આપતા બે મિનિટનું મૌન પળાયું હતું. બેઠકથી બહાર નીકળીને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, દરેક એક્શન પર સરકારને અમારે સંપૂર્ણ સપોર્ટ છે.

મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું હતું કે, તમામ પક્ષોએ હુમલાની નિંદા કરી છે. કાશ્મીરમાં શાંતિના પ્રયાસ પર ચર્ચા થઈ. સરકારને કોઈ પણ એક્શન માટે સમર્થન છે.

કોર્ટ સંબંધીઓને સંડોવવાની પ્રવૃત્તિઓને સમર્થન નથી આપતી

દહેજપીડિતા દ્વારા પતિનાં સગાંને ફસાવવાના ટ્રેન્ડમાં વધારો: SC

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સાસરિયા સામેના દહેજ ઉત્પીડનનો કેસ રદ કરતાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે દહેજ પીડિતા તેના પતિના સગાંઓને કાનૂની કાર્યવાહીમાં ફસાવતી હોય તેવા ટ્રેન્ડમાં વધારો થયો છે. આ કોર્ટ દહેજ પ્રતિબંધ ધારા 1961ની કલમ 4 અને આઈપીસીની કલમ 498A હેઠળ ગુના માટે પતિના સંબંધીઓને સંડોવવાની પ્રવૃત્તિઓને સમર્થન આપતી નથી ન્યાયાધીશ અહસાનુદ્દીન અમાનુલ્લાહ અને પ્રશાંત કુમાર મિશ્રાની બનેલી ખંડપીઠે જણાવ્યું હતું કે મહિલાની નણંદ, પતિ અને સસરા સામે સાર્વત્રિક અને જનરલ પ્રકારના આરોપો હતાં. મહિલાએ શારીરિક ત્રાસ આપવાના કોઈપણ આરોપનો ઉલ્લેખ કર્યો નથી. આરોપ માત્ર મહેણા-ટોણા પ્રકારના છે. કોર્ટે તેના આદેશમાં જણાવ્યું હતું કે પતિના સંબંધોઓની પણ કાનૂની

કાર્યવાહીમાં ફસાવવાના વધતાં જતાં ટ્રેન્ડને ધ્યાનમાં રાખીને આ કોર્ટ દહેજ પ્રતિબંધ ધારા 1961ની કલમ 5 અને આઈપીસીની કલમ 498એ હેઠળ ગુના માટે પતિના સંબંધીઓને સંડોવવાની પ્રવૃત્તિઓને સમર્થન આપતી નથી અને તેના પર નારાજગી વ્યક્ત કરે છે. આ કિસ્સામાં, ફરિયાદી અને તેના પતિ વચ્ચેના લગ્ન 2014માં આંધ્રપ્રદેશના ગુંટુર ખાતે થયા હતાં.લગ્નના પાંચ મહિના પછી, મહિલાએ તેના પતિને છોડી દીધો હતો અને તેના માતાપિતા સાથે રહેવા લાગી હતી. પતિએ 2015 માં વૈવાહિક અધિકારો પરત મેળવવા માટે કોર્ટમાં અરજી કરી હતી. આ કાર્યવાહી પેન્ડિંગ હતી તે દરમિયાન, મહિલાએ 2016માં પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવી હતી.

આંધી-વંટોળ સાથે ભારે વરસાદની આગાહી

દિલ્હી સહિત ૧૧ રાજ્યોમાં ભીષણ ગરમીનું યલો એલર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

હવામાન વિભાગએ આગામી સાત દિવસમાં દેશના વિવિધ ભાગોમાં ગરમીનું મોજું અને ભારે વરસાદની ચેતવણી જારી કરી છે. આગામી ૨૪ કલાક દરમિયાન દિલ્હી સહિત ૧૧ રાજ્યોમાં તીવ્ર ગરમી પડવાની શક્યતા છે. જ્યારે કેટલાક રાજ્યોમાં વાવાઝોડા અને ભારે વરસાદની શક્યતા છે.આગામી છ દિવસમાં ઉત્તર-પશ્ચિમ ભારતમાં તાપમાનમાં ૨-૩ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની ધારણા છે.

મધ્ય ભારત અને ગુજરાતમાં આગામી ત્રણ દિવસમાં ૨ ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે, જ્યારે પૂર્વ ભારતમાં ૪થી ૬ ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે.હવામાન વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, આજે પૂર્વી રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, હરિયાણા, ઓડિશા, પંજાબ અને દિલ્હીમાં તીવ્ર ગરમીની અસર જોવા મળી શકે છે. ૨૪થી ૨૬ એપ્રિલ દરમિયાન બિહાર અને ઝારખંડના ઘણાં વિસ્તારોમાં રાત્રિનું તાપમાન પણ ઊંચું રહેવાની ધારણા છે.આગામી ત્રણ દિવસ સુધી દિલ્હી-એનસીઆર ક્ષેત્રમાં હવામાન શુષ્ક રહેવાની ધારણા છે, મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી સેલ્સિયસ સુધી વધવાની ધારણા છે. ૨૫મીથી ૨૬મી એપ્રિલથી શુક્રવાર અને શનિવારે તીવ્ર ગરમી માટે પીળો ચેતવણી જારી કરવામાં આવી છે. છેલ્લા ૨૪ કલાકમાં, મહત્તમ તાપમાન ૩૮ ડિગ્રી સેલ્સિયસ અને ૪૦ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે હતું, જ્યારે લઘુત્તમ તાપમાન ૨૫ ડિગ્રી સેલ્સિયસ અને ૨૬ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે હતું.આસામ, મેઘાલય અને અરુણાચલ પ્રદેશમાં ૨૪થી ૨૬ એપ્રિલ દરમિયાન ભારે વરસાદ પડી શકે છે. ૨૪મી એપ્રિલે નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં પણ ભારે વરસાદ સાથે વાવાઝોડાનો અનુભવ થઈ શકે છે.

આ રાજ્યોમાં ૩૦થી ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે.હવામાન વિભાગના જણાવ્યા મુજબ, કેરળ, આંધ્ર પ્રદેશ અને કર્ણાટક સહિત દક્ષિણ ભારતના રાજ્યોમાં ભારે પવન સાથે વરસાદની સંભાવના છે. આગામી સાત દિવસમાં તમિલનાડુ, પુડુચેરી અને તેલંગાણામાં વાવાઝોડા અને વીજળી પડવાની શક્યતા છે.પશ્ચિમી વિક્ષેપના કારણે જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ જેવા હિમાલયી રાજ્યોમાં વીજળી, ગાજવીજ અને ભારે પવન ફૂંકાઈ શકે છે. આ હવામાન પેટર્ન ઉત્તર અને મધ્ય પાકિસ્તાન પર સક્રિય ચક્રવાતી સિસ્ટમને કારણે છે.

૨૫૦૦૦ મકાનોમાં વીજળી ડૂલ

ન્યૂ જર્સીના જંગલોમાં ભીષણ આગ, ૩૦૦૦ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)ન્યૂજર્સી

ન્યૂજર્સીમાં જંગલની આગને કારણે હજારો લોકોએ સ્થળાંતર કરવાની ફરજ પડી છે. આ સાથે જ આગના કારણે મુખ્ય હાઈવેના એક ભાગને થોડા સમય માટે બંધ કરવો પડયો હતો. રિપોર્ટ મુજબ, ગ્રીનવુડ ફોરેસ્ટ વાઈલ્ડલાઈફ મેનેજમેન્ટ એરિયામાં લાગેલી આગે ૩૪ ચોરસ કિમીથી વધુ જમીન સળગાવી દીધી છે. ન્યૂજર્સીના સૌથી વ્યસ્ત હાઈવેમાંના એક ગાર્ડન સ્ટેટ પાર્કવેને મંગળવારે થોડા સમય માટે બાર્નગટ અને લેસી ટાઉનશિપ વચ્ચે બંધ કરવામાં આવ્યો હતો. બુધવારે સવારે તેને ફરીથી ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. ન્યૂજર્સી ફોરેસ્ટ ઓફિસે જણાવ્યું કે, ૧૩૦૦થી વધુ મકાનોને ખાલી કરવાની ફરજ પડી હતી. લગભગ ૩૦૦૦ જેટલા નિવાસીઓને સ્થળાંતરિત કરવામાં આવ્યા હતા. તેમને માટે બે હાઈસ્કૂલમાં શરણાર્થી કેન્દ્રો ખોલવામાં આવ્યા હતા. પાવર કંપનીએ લગભગ ૨૫૦૦૦ મકાનોની ઈલેક્ટ્રિસિટી કાપી નાખી હતી.

૧૨૦૦૦ કરોડના પ્રવાસ ઉદ્યોગને ફટકો

પહલગામ હુમલાથી J&Kમાં ૨.૫ લાખની રોજી-રોટી જોખમમાં

પ્રવાસન ઉદ્યોગ જીડીપીમાં ૭ થી ૮ ટકાનો ફાળો આપે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)જમ્મુ,

જમ્મુ અને કાશ્મીરનાં પહેલગામમાં થયેલો હુમલો માત્ર સહેલાણીઓ ઉપર જ થયો હતો તેમ નથી. તે કાશ્મીર ખીણમાં વસતા અઢી લાખ લોકોની રોજી-રોટી ઉપરનો હુમલો છે, એ કેન્દ્ર શાસિત પ્રદેશનાં અર્થતંત્ર પરનો હુમલો છે. કાશ્મીર ખીણનાં અર્થતંત્રની કરોડરજ્જુ તૂટી જવાની છે, સમગ્ર ખીણ પ્રદેશ ગંભીર કટોકટીમાં મુકાઈ જવાનો છે. પ્રવાસીઓને મારવામાં આવેલી એકે એક ગોળી, કાશ્મીરનાં અર્થતંત્રને વર્ષો સુધી પાછુ ધકેલી દેશે.

આ હુમલા અંગે પાકિસ્તાને સફાઈ મારતાં કહ્યું છે કે, અમારે તેની સાથે કશી લેવા-દેવા નથી. તે હુમલો તો ત્યાંના સ્થાનિક આતંકીઓએ જ કર્યો હશે. તો પ્રશ્ન તે થાય છે કે : જેમની રોજી-રોટીનો આધાર જ પ્રવાસન ઉદ્યોગ પર છે, તેઓ આવા હુમલા શા માટે કરે ? ઉલ્લેખનીય છે કે પૃથ્વી પરના સ્વર્ગ સમાન કાશ્મીરમાં પ્રવાસન ઉદ્યોગ વર્ષે રૂ. ૧૨૦૦૦ કરોડ આપે છે. એક અંદાજ પ્રમાણે તો ૨૦૩૦ સુધીમાં આ ઉદ્યોગ રૂ. ૨૫ થી ૩૦ હજાર કરોડ જેટલો વિકસવાની સંભાવના હતી.

સૌથી વધુ ખેદજનક બાબત તો તે છે કે, હજી પ્રવાસનની ઋતુ શરૂ જ થઈ છે. તેવામાં આ હુમલો થતાં સમગ્ર સીઝન દરમિયાન પ્રવાસીઓ નહીં આવે.આ કેન્દ્ર શાસિત પ્રદેશનાં પાટનગર શ્રીનગર પાસેના ડાલ-લેઈકમાં ૧૫૦૦ હાઉસ-બોટ્સ છે. કાશ્મીરમાં નાની અને મોટી હોટેલોમાં મળી ૩૦૦ થી વધુ રૂમ છે. ૨૦૨૪માં ૨ કરોડ ૩૬ લાખ પ્રવાસીઓ કાશ્મીર ગયા હતા.

રાજ્યને પછીથી કેન્દ્ર શાસિત પ્રદેશ બનાવ્યા પછી ત્યાં પ્રવાસીઓની સંખ્યા વધતી જ રહી છે. ૨૦૨૦માં ૩૪ લાખ પ્રવાસીઓ આવ્યા હતા. પરંતુ ૨૦૨૧ માં ૧.૧૩ કરોડ પ્રવાસીઓ ગયા હતા. ૨૦૨૨માં તે ૨.૩૬ કરોડ સુધી પહોંચ્યો તેમાં ૬૫૦૦૦ તો વિદેશી પ્રવાસીઓ હતા.અહીં સરકાર જ પ્રવાસન ઉદ્યોગને પ્રોત્સાહન આપે છે. જ્યારે બોલીવુડ માટે પણ તે મહત્ત્વનું છે. અહીં ફિલ્મોના અનેક શોટ્સ ઉતરે છે, તેથી પણ સ્થાનિક નિવાસીઓની આમદાની વધે છે.

આ રીતે કાશ્મીર આર્થિક રીતે સમૃધ્ધ થતું રહ્યું છે. ૨૦૧૭માં ત્યાં માત્ર ૧૪.૮૮ લાખ નવા વ્હીકલ્સ નોંધાયા હતાં. જ્યારે ૨૦૨૪માં ૨૭.૮૮ લાખ નવા વાહનો ત્યાં નોંધાયા. આમ ખીણ વિસ્તારનો સર્વનો ભદ્ર વિકાસ થઈ રહ્યો છે. હવે તો ત્યાં રેલવે શરૂ થશે. વંદે-ભારત રેલવે પણ ત્યાં શરૂ થશે. આ આતંકી હુમલાને લીધે અનેકવિધ મુશ્કેલીઓ ઉભી થવા સંભવ છે. છેલ્લે યાદ આપવાની કે રાજકપૂરની એક શ્રેષ્ઠ ફિલ્મ 'બરસાત' લગભગ સંપૂર્ણ રીતે કાશ્મીરમાં જ ઉતરી હતી.

તંત્રી લેખ.....

કાશ્મીરમાં આતંકનાં મૂળ કાપવાનો સમય

આતંકવાદના ખાત્મા માટે ભારતે તેનાં મૂળ પર પ્રહાર કરવો પડશે. માત્ર ઓપરેશન ક્લીન જેવાં સફાઈ અભિયાનથી વાત નહીં બને. જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદ પાછળ જે પણ મૂળિયાં કામ કરી રહ્યાં છે, તેને કાપવાં જરૂરી છે. આતંકીઓએ જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં નિઃશસ્ત્ર પર્યટકોને નિશાનો બનાવ્યા છે. આતંકીઓએ નામ પૂછીને બિનમુસ્લિમોને ગોળી મારી છે. અમરનાથ યાત્રા પહેલાં આ કાયરતાપૂર્ણ આતંકી હુમલો આ યાત્રામાં અડચણ નાખવાની કોશિશ છે. પવિત્ર અમરનાથ યાત્રા પર મોટાભાગના હિંદુઓ જાય છે. આ વખતે યાત્રા ૩ જુલાઈથી શરૂ થવાની છે. સરકાર બેશક જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદ વિરુદ્ધ સખ્તાઈથી એક્શન લઈ રહી છે, સેના અને અન્ય સુરક્ષા દળો સંમિલિત રૂપે ઓપરેશન ક્લીન ચલાવી રહ્યા છે, ટેરર ફંડિંગના સ્રોતો પર પ્રહાર કરવામાં આવ્યો છે, અલગતાવાદીઓને સાઈડલાઈન કરાયા છે, તેમ છતાં ઘાટીમાં આતંકી હુમલા બંધ નથી થઈ શક્યા.

રાજ્યપાલ શાસન બાદ હવે એક નવી ચૂંટાયેલી સરકાર છે. જમ્મુ-કાશ્મીરને આતંકવાદ મુક્ત કરવું જરૂરી છે, તેના માટે સદીઓ સુધી રાહ ન જોઈ શકાય. એંસીના દાયકાથી આ રાજ્ય આતંકના કબ્જામાં હતું, ત્યાં પર્યટકો ડરી રહ્યા હતા. કાશ્મીરમાં આતંકવાદ પાછળ પાકિસ્તાનની સેના અને ગુપ્તચર એજન્સી આઈએસઆઈ સંડોવાયેલી છે, તેને દંતહીન-વિષહીન બનાવવી જરૂરી છે. ભારતે આતંકના મદદગાર અને આતંકવાદમાં સામેલ જૂથો પર એક સાથે પ્રહાર કરવો પડશે. ભારત સાડા ચાર દાયકાથી આતંકવાદ વિરુદ્ધ લડી રહ્યં છે, આગળ ક્યાં સુધી લડતું રહેશે એ પણ ખબર નથી, પરંતુ એક મજબૂત વિકસિત રાષ્ટ્ર માટે જરૂરી છે કે દેશ પોતાના દુશ્મનોને આકરો પાઠ ભણાવે. હાલના વર્ષોમાં કાશ્મીરમાં આતંકવાદની એક પેટર્ન જોવા મળી છે, જેમાં બિનમુસ્લિમો પર જ હુમલા કરાય છે. ૨૦૨૨માં પણ શોપિયાં અને કુલગામમાં થયેલા આતંકી હુમલામાં પણ નામ પૂછીને ગોળી મારવામાં આવી હતી. મુંબઈ ૨૬/૧૧ આતંકી હુમલામાં પણ એવું જ જોવા મળ્યું હતું. આ સીરિયાઇ આતંકી જૂથ ઇસ્લામિક સ્ટેટની પદ્ધતિ હતી, જેને હવે પાકિસ્તાનના આતંકી જૂથ લશ્કર અને જૈશે પણ અપનાવી લીધી છે. પહેલગામમાં આતંકી હુમલાની જવાબદારી લશ્કરે તૈયબા સાથે જોડાયેલા આતંકી જૂથ ધ રેઝિસ્ટન્સ ફ્રંટ (ટીઆરએફ)એ લીધી છે. લશ્કર પાક સ્થિત આતંકી જૂથ છે, તેથી સ્પષ્ટ છે કે પહેલગામ હુમલામાં પાકિસ્તાનના આતંકી જૂથનો હાથ છે. કાશ્મીરમાં આટલી સુરક્ષા અને ઓપરેશન ક્લીન છતાં ટીઆરએફનું વજૂદ ચિંતા પેદા કરે છે. પહેલગામ આતંકી હુમલાના દોષીઓને છોડવા ન જોઈએ. ગૃહમંત્રી અમિત શાહે ઉચ્ચ સ્તરીય બેઠક કરી છે, સઉદી અરબની યાત્રા પર ગયેલા પીએમ નરેન્દ્ર મોદીએ અમિત શાહ સાથે વાત કરી છે, પરંતુ સવાલ એ પણ છે કે પર્યટનના મહિનામાં શું સરકાર પાસે આતંકી હુમલાની ગુપ્તચર માહિતી કે સીઆઇડી ઇનપુટ ન હતા? તમામ સુરક્ષા વચ્ચે મુઠ્ઠીભર આતંકીઓ આટલા મોટા આતંકી હુમલાને અંજામ આપવામાં કેવી રીતે સફળ થઈ જાય છે, તેમના સુધી ફંડ અને શસ્ત્રો કેવી રીતે પહોંચી રહ્યા છે? બહારથી તેમની ઘૂસણખોરી કેવી રીતે થઈ રહી છે? જો ટીઆરએફને સ્થાનિક મદદ મળી રહી હોય તેનો પણ પર્દાફાશ જરૂરી છે. હવે આતંકવાદ વિરુદ્ધ ઝીરો ટોલરન્સ માત્ર નીતિમાં જ નહીં, પણ એક્શનમાં જરૂરી છે.

ડેઈલી માર્કેટ રિપોર્ટઃ એમસીએક્સ પર સોનામાં પુનઃ તેજીનાં સંચાર સાથે વાયદો રૂ.૧,૧૩૩ ઊછળ્યોઃ ચાંદીના વાયદામાં રૂ.૩૫૬ની નરમાઈ

ક્રૂડ તેલના વાયદામાં રૂ. ૮૮ની વૃદ્ધિઃ નેચરલ ગેસ, મેન્થા તેલના વાયદા ઘટ્યાઃ કોટન-ખાંડી વાયદામાં રૂ. ૬૯૦ની તેજીઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૭૧૨૮.૧૧ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ. ૮૬૪૯૮.૫૬ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૪૫૪૭ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૨૧૩૬ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૧૦૩૬૩૩.૨૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ. ૧૭૧૨૮.૧૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ. ૮૬૪૯૮.૫૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ મે વાયદો ૨૨૧૩૬ પોઈન્ટના સ્તરે હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ. ૯૨૬.૮૬ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૪૫૪૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૫૫૮૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ. ૯૬૧૮૮ અને નીચામાં રૂ. ૯૫૫૬૨ના સ્તરને સ્પર્શી, રૂ. ૯૪૭૨૨ના આગલા બંધ સામે રૂ. ૧૧૩૩ વધી રૂ. ૯૫૮૫૫ થયો હતો. ગોલ્ડ-ગિની એપ્રિલ વાયદો ૮ ગ્રામદીઠ રૂ. ૪૨૩ વધી રૂ. ૭૬૫૪૬ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ એપ્રિલ વાયદો ૧ ગ્રામદીઠ રૂ. ૭૪ વધી રૂ. ૯૬૪૭ના સ્તરે પહોંચ્યો હતો. સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૦૯૦ વધી રૂ. ૯૫૬૨૦ થયો હતો. ગોલ્ડ-ટેન એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૫૭૭૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ. ૯૬૨૫૭ અને નીચામાં રૂ. ૯૫૨૧૩ના સ્તરને સ્પર્શી, રૂ. ૯૪૯૦૦ના આગલા બંધ સામે રૂ. ૮૦૦ વધી રૂ. ૯૫૭૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ. ૯૭૪૫૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ. ૯૭૭૪૧ અને નીચામાં રૂ. ૯૭૧૫૦ના મથાળે અથડાઈ, રૂ. ૯૭૭૯૯ના આગલા બંધ સામે રૂ. ૩૫૬ ઘટી રૂ. ૯૭૪૪૩ના ભાવે બોલાયો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ. ૩૧૪ ઘટી રૂ. ૯૭૨૮૦ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ. ૧૫૫ ઘટી રૂ. ૯૭૨૪૬ થયો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. ૧૬૦૩.૧૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું એપ્રિલ વાયદો રૂ. ૧.૧ વધી રૂ. ૮૫૩.૯૫ના સ્તરે પહોંચ્યો હતો. જસત એપ્રિલ વાયદો રૂ. ૧.૪ વધી રૂ. ૨૫૨.૧૫ થયો હતો. એલ્યુમિનિયમ એપ્રિલ વાયદો ૭૦ પૈસા ઘટી રૂ. ૨૩૩.૮ના સ્તરે પહોંચ્યો હતો. સીસું એપ્રિલ વાયદો ૫૫ પૈસા ઘટી રૂ. ૧૭૫.૧૫ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૧૦૯૨.૫૪ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ક્રૂડ તેલ મે વાયદો બેરલદીઠ રૂ. ૫૩૪૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ. ૫૪૦૯ અને નીચામાં રૂ. ૫૩૩૧ના સ્તરને સ્પર્શી, રૂ. ૫૩૦૯ના આગલા બંધ સામે રૂ. ૮૮ વધી રૂ. ૫૩૯૭ના ભાવે બોલાયો હતો. ક્રૂડ તેલ-મિની મે વાયદો રૂ. ૮૫ વધી રૂ. ૫૩૯૭ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ એપ્રિલ વાયદો એમએમબીટીયુદીઠ રૂ. ૫ ઘટી રૂ. ૨૫૪.૫ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો રૂ. ૪.૯ ઘટી રૂ. ૨૫૪.૫ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ. ૯૦૭.૨ના ભાવે ખૂલી, રૂ. ૨.૬ ઘટી રૂ. ૯૦૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કોટન ખાંડી મે વાયદો ખાંડીદીઠ રૂ. ૬૯૦ વધી રૂ. ૫૫૮૦૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૧૦૧૯.૮૪ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૩૫૨૭.૧૬ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૮૫૮.૬૧ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૦૪.૫૦ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૨૭.૧૯ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૪૧૨.૮૫ કરોડનાં કામકાજ થયાં હતાં.

ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૪૨૧.૧૩ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૬૭૧.૪૦ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૪.૦૫ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૧.૨૦ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૨૦૭૧૬ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૪૩૧૫૭ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૦૧૮૩ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૧૧૫૬૨૪ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૬૯૫૮ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૮૯૯૭ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૫૪૬૦ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૧૮૨૭૪ લોટના સ્તરે રહ્યો હતો. ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૫૮૩૭ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૪૪૩૪ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ મે વાયદો ૨૨૧૭૯ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૨૧૮૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૨૧૨૧ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૨૨૭ પોઈન્ટ વધી ૨૨૧૩૬ પોઈન્ટના સ્તરે હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ મે રૂ. ૫૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ. ૩૭.૭ વધી રૂ. ૨૧૪ થયો હતો. જ્યારે નેચરલ ગેસ મે રૂ. ૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ. ૨.૩૫ ઘટી રૂ. ૧૫.૧ના ભાવે બોલાયો હતો.

સોનું એપ્રિલ રૂ. ૯૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૭૩ વધી રૂ. ૧૦૮૨.૫ થયો હતો. ચાંદી એપ્રિલ રૂ. ૯૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ. ૨૧૧.૫ ઘટી રૂ. ૧૦૧ના ભાવે બોલાયો હતો. તાંબું મે રૂ. ૮૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૮૫ પૈસા વધી રૂ. ૧૯.૬૫ના ભાવે બોલાયો હતો. જસત મે રૂ. ૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૮૦ પૈસા વધી રૂ. ૨.૮ થયો હતો. પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ મે રૂ. ૫૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ. ૪૩ ઘટી રૂ. ૧૭૬.૩ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ મે રૂ. ૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ. ૨.૧૫ વધી રૂ. ૧૭.૧૫ના ભાવે બોલાયો હતો. સોનું એપ્રિલ રૂ. ૯૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૬૪ ઘટી રૂ. ૭૯૨ના ભાવે બોલાયો હતો. ચાંદી એપ્રિલ રૂ. ૯૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ. ૩૬.૫ ઘટી રૂ. ૭૯ થયો હતો. તાંબું મે રૂ. ૮૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ. ૧.૨૩ વધી રૂ. ૧૫.૦૭ થયો હતો. જસત મે રૂ. ૨૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૧૩ પૈસા વધી રૂ. ૧.૩૬ થયો હતો.

૮૬ કર્મીની વધારાની નિમણૂક

AI ટેક્નોલોજીની મદદથી સરકારી જમીનો ખુલ્લી કરવાનો મહેસૂલ વિભાગનો નિર્ણય

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

રાજ્યમાં દબાણમુક્ત અભિયાનને વધુ વેગ આપવા માટે ગુજરાત સરકારે હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ટેક્નોલોજીની મદદ લેવાનો નિર્ણય લીધો છે.

રાજ્યના મહેસૂલ વિભાગે એક ઠરાવ જાહેર કરીને ૧૦ સૌથી વધુ દબાણગ્રસ્ત જિલ્લાઓમાં વર્ગ-૩ના ૮૬ કર્મચારીઓને તાત્કાલિક ભરતી કરવાના આદેશ આપ્યા છે. આ નિર્ણયના ભાગરૂપે રાજ્ય સરકાર અત્યાર સુધીમાં ૨૨ જિલ્લાના અંદાજે બે કરોડ ચોરસ મીટરથી વધુ જમીન દબાણમુક્ત કરી ચૂકી છે અને હવે આ કામગીરીને વધુ અસરકારક બનાવવા માટે AI ટેક્નોલોજીનો સહારો લેવામાં આવશે.

મહેસૂલ વિભાગના જણાવ્યા અનુસાર, સરકાર અત્યાર સુધી સરકારી પડતર જમીન, ખરાબા અને ગૌચર જમીન પર થયેલા દબાણ સામે કડક કાર્યવાહી કરી રહી છે. નવી ભરતી અંતર્ગત, દબાણગ્રસ્ત ૧૦ જિલ્લામાં – કચ્છ, અમદાવાદ, ગાંધીનગર, સુરેન્દ્રનગર, વડોદરા, બનાસકાંઠા, સુરત, રાજકોટ, મોરબી અને વધુ એક જિલ્લામાં – ૪૩ નાયબ મામલતદાર અને ૪૩ કારકુનની નિમણૂક કરવામાં આવશે. ઠરાવમાં જણાવાયું છે કે, ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ મૂકતા અધિનિયમ – ૨૦૨૦ ની અસરકારક અમલવારી માટે આ તાત્કાલિક કામગીરી હાથ ધરાઈ છે. ચાલુ નાણાકીય વર્ષના બજેટમાં આ જગ્યાઓ માટે મંજૂરી અપાઈ હોવાથી હવે તે અમલમાં મૂકવામાં આવી રહી છે. જમીન દબાણ સામેની કામગીરી માટે જાન્યુઆરી મહિનામાં રાજ્ય સરકારે ઈસરોની મદદથી AI આધારિત ટેક્નોલોજીનો ઉપયોગ કરીને વિશાળ ડ્રાઈવ શરૂ કરી હતી. GIS મેપિંગ, સેટેલાઈટ ઈમેજરી અને ડ્રોન ટેક્નોલોજીનો ઉપયોગ કરીને તે વિસ્તારો ચિહ્નિત કરવામાં આવ્યા છે જ્યાં લાંબા સમયથી દબાણો થયા હતા. અધિકારીઓએ જણાવ્યા મુજબ, આ નવી ભરતીનો ઉદ્દેશ્ય માત્ર દબાણ દૂર કરવો નહીં, પરંતુ દબાણ પહેલાંની સ્થિતિ ફરી સ્થિર કરવા માટે તંત્રને મજબૂત બનાવવાનો છે. વધુમાં, એ.આઈ. ટેક્નોલોજી દ્વારા મળેલી માહિતીને આધારે જમીન દબાણ સામે ઝડપી અને યોગ્ય કાર્યવાહી શક્ય બનશે. મહેસૂલ વિભાગના સેક્શન ઓફિસર મયુર ગુપ્તાએ ઠરાવ પર સહી કરી છે અને જણાવાયું છે કે આવી કાર્યવાહી દ્વારા નાગરિકોને સરકારની જમીન પરના અધિકારો સુરક્ષિત મળશે તથા ગેરકાયદેસર દબાણો સામે તાકીદની કાર્યવાહી શક્ય બનશે.

વૃદ્ધે પેપ્સીની લાલચ આપી ૧૧ વર્ષની દીકરી સાથે આચર્યું દુષ્કર્મ

(સંપૂર્ણ સમાચાર સેવા)તાપી

તાપી જિલ્લામાં દીકરીઓ સુરક્ષિત નથી કારણ કે વધુ એક ૬૦ વર્ષીય વૃદ્ધ દુકાનદારે પેપ્સીની લાલચ આપીને ૧૧ વર્ષની દીકરી સાથે દુષ્કર્મ કર્યું હોવાની વિગતો સામે આવી છે. એક જ મહિનામાં પેપ્સીની લાલચ આપી બીજા એક ૬૦ વર્ષના વૃદ્ધ દુકાનદારે માસૂમ દીકરી સાથે દુષ્કર્મ કર્યાની ઘટના સામે આવતા ચકચાર મચી જવા પામી છે.તાપી જિલ્લાના ઉચ્છલ તાલુકાના એક ગામમાં રહેતા નાનકડા પરિવારમાં માતાપિતા સાથે એક ૧૧ વર્ષ અને એક ૯ વર્ષની દીકરી રહે છે. મજૂરી કરી પેટિયું રળીને આ પરિવાર જીવન જીવી રહ્યો છે, તે દરમ્યાન ગત ૨૨ તારીખના રોજ પરિવારના મોભી મજૂરી કરવા સવારે ઘરેથી નીકળી રહ્યા હતા. ત્યારે બંને દીકરીઓ પણ શાળાએ અભ્યાસ માટે ગઈ હતી. શાળા સવારના સમયની હોવાથી બંને બહેનો શાળાએથી બપોરે પરત આવી ગઈ હતી. જો કે રોજની જેમ બંને બહેનો રમવા જતી રહી હતી. બંને બહેનોમાં મોટી ૧૧ વર્ષની દીકરી સાંજના સમયે ગામમાં જ ૬૦ વર્ષીય સુરેશ નુરજી ગામીતની દુકાને ગઈ હતી.

ત્યારબાદ થોડા સમય પછી દીકરીની માતા હજુ સુધી દીકરી ઘરે કેમ નથી આવી તે તપાસ કરવા નીકળી હતી. આ તરફ દીકરી સૂમસામ હાલતમાં સુરેશ નૂરજી ગામીતની દુકાન બહાર બેઠી હતી. માતાએ દીકરીને પૂછ્યું કે તું અહી ચૂપચાપ બેઠી છે? ત્યારે ૧૧ વર્ષની માસુમ દિકરીએ માતાને આપવીતી વર્ણવી હતી. ત્યારે દુકાનદારની દીકરી તેના પિતાની આ કરતૂત જાણતી હોવાથી કંટાળેલી પુત્રીએ આ માસૂમ દીકરીને શોધતી તેની માતાને બોલાવી હતી અને પોતાના જ પિતાની કરતૂતનો પર્દાફાશ કર્યો હતો

ગાંજા સહિત ૨૩.૪૪ લાખનો મુદ્દામાલ કબજે

અમદાવાદમાં લોખંડની પાઈપની આડમાં લઈ જવાતો ગાંજો ઝડપાયો

પોલીસે તપાસ કરતા ટ્રકમાં લોખંડની પાઈપો વચ્ચે છુપાવેલો રૂ. ૩,૩૧,૨૫૦ ની કિંમતનો ૩૩.૧૨૫ કિ.ગ્રામ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

SMC (સ્ટેટ મોનીટરીંગ સેલ)ના અધિકારીઓને માહિતી મળી હતી કે રાજકોટના ગોંડલમાં રહેતો રીયાઝશા ઉમરશા ફકીર નામનો શખ્સ ટ્રકમાં ગેરકાયદે ગાંજાનો જથ્થો લોખંડની પાઈપોની આડમાં ભરીને અમદાવાદના સનાથળ સર્કલ આવી રહ્યો છે. જેને આધારે પોલીસે સનાથળ સર્કલ, નવાપુરા રોડ, ગોપાલ કોન્પ્લેક્સની પાછળ જાળ બિછાવીને ટ્રક અટકાવી હતી. પોલીસે તપાસ કરતા ટ્રકમાં લોખંડની પાઈપો વચ્ચે છુપાવેલો રૂ. ૩,૩૧,૨૫૦ ની કિંમતનો ૩૩.૧૨૫ કિ.ગ્રામ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે ગાંજાનો જથ્થો, અન્ય મુદ્દામાલ અને ટ્રક મળીને કુલ રૂ. ૨૩,૪૪,૬૯૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ કેસમાં પોલીસે રાજકોટના ગોંડલના રહેવાસી ટ્રક ડ્રાઈવર રીયાઝશા ઉમરશા ફકીર અને ક્લીનર ઝફર ઉર્ફે ભુરો જીકરભાઈ સોલંકીની ધરપકડ કરી હતી.પુછપરછમાં આરોપીએ ગાંજાનો આ જથ્થો છત્તીસગઢ બોર્ડર પાસે ઓડિશા રાજ્યની હદમાં આવેલા ગંજામ જિલ્લાના વિસ્તારમાંથી અમન પાસેથી લાવ્યા હોવાનું જણાવ્યું હતું. રીયાઝશાએ મોઈન સાથે ગાંજાનો છુટક વેપાર કરવા તે સાવ્યા હોવાનું પોલીસને જણાવ્યું હતું.

પશુપાલકો માટે સુમુલ ડેરીની જાહેરાત

દૂધના કિલોગ્રામ ફેટે રૂ.૧૨૦ બોનસ ચૂકવાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

ગુજરાતના સુરત અને તાપી જિલ્લાના પશુપાલકોને ભાવફેર અને બોનસ આપવાને લઈને સુમુલ ડેરીએ મહત્ત્વપૂર્ણ જાહેરાત કરી છે. જેમાં સુમુલ ડેરીના ચેરમેન દ્વારા કરવામાં આવેલી જાહેરાત મુજબ, પશુપાલકોને કિલોગ્રામ ફેટ દીઠ ૧૨૦ રૂપિયા બોનસ આપવામાં આવશે.

સુમુલ ડેરીના ડિરેક્ટરે જણાવ્યું હતું કે, 'ખેડૂતો અને પશુપાલકોની આવકમાં વધારો થાય તેવા પ્રયાસ કરવામાં આવશે. આમ ખેડૂતોને અને પશુપાલકોને ધ્યાનમાં રાખીને દૂધના ભાવફેર અને બોનસની જાહેરાત કરવામાં આવી છે. જેમાં સુરત અને તાપી જિલ્લાના ખેડૂતો અને પશુપાલકોને કિલોગ્રામ ફેટ લેખે રૂ. ૧૨૦ બોનસ અપાશે. જ્યારે સુરત અને તાપી જિલ્લાના ૨.૫૦ લાખથી વધુ ખેડૂતો માટે ભાવફેર અને બોનસ પેટે ૪૦૦ કરોડ રૂપિયા ચૂકવાશે.'

સુમુલ ડેરીના જાહેરાત બાદ સુરત અને તાપી જિલ્લાના ૧૨૦૦ મંડળી સાથે ૨.૫૦ લાખ પશુપાલકો ડેરી સાથે જોડાયેલા છે.

વટવા-હુબલી સ્પેશિયલ ટ્રેન સતારા, કરાડ અને સાંગલી સ્ટેશનો પર રોકાશે

પશ્ચિમ રેલ્વેએ મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને, વટવા-હુબલી સ્પેશિયલ ટ્રેનને સતારા, કરાડ અને સાંગલી સ્ટેશનો પર વધારાનો સ્ટોપેજ આપ્યો છે. જેની વિગતો નીચે મુજબ છેઃ

● ટ્રેન નંબર ૦૭૩૩૪ વટવા-હુબલી સ્પેશિયલ ૨૮ એપ્રિલ ૨૦૨૫ થી સતારા સ્ટેશન પર આગમન અને પ્રસ્થાનનો સમય ૧૦:૧૭/૧૦:૨૦ વાગ્યે, કરાડ સ્ટેશન પર ૧૧:૧૭/૧૧:૨૦ વાગ્યે અને સાંગલી સ્ટેશન પર ૧૩:૨૮/૧૩:૩૦ વાગ્યે રહેશે. તેમજ ટ્રેન નંબર ૦૭૩૩૩ હુબલી-વટવા સ્પેશિયલ ૨૭ એપ્રિલ ૨૦૨૫ થી સાંગલી સ્ટેશન પર આગમન-પ્રસ્થાન નો સમય ૦૨:૫૨/૦૨:૫૫ વાગ્યે, કરાડ સ્ટેશન પર ૦૩:૫૨/૦૩:૫૫ વાગ્યે અને સતારા સ્ટેશન પર ૦૪:૫૭/૦૫:૦૦ વાગ્યે રહેશે.

મુસાફરોને વિનંતી છે કે કૃપા કરીને ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને મુસાફરી કરો. ઉપરોક્ત ટ્રેનોના સમય, સ્ટોપેજ અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www. enquiry.indianrail. gov.in ની મુલાકાત લઈ શકે છે.

રાજ્યો અને શહેરો માટે હાઈએલર્ટ જાહેર કરવામાં આવ્યું

વડોદરામાં પહલગામની ઘટનાના બાદ તંત્ર એલર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

જમ્મૂ કશ્મીરના પહલગામમાં આતંકવાદીઓ દ્વારા હિચકારો હુમલો કરવામાં આવતા ૨૬ નાગરિકોનાં મોત નિપજ્યાં હતા.

દેશના તમામ મહત્વના રાજ્યો અને શહેરો માટે હાઈએલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ત્યારે વડોદરા રેલ્વે સ્ટેશન ખાતે પણ પોલીસ દ્વારા સ્નીફર ડોગ સાથે રાખી ભીડભાડ વાળી જગ્યાઓ તેમજ ટ્રેનમાં સર-સામાનનું ચેકીંગ હાથ ધરાયુ હતું.

જીઆરપી વડોદરા, સ્થાનિક પોલીસ ,એસ.ઓ.જી સ્ટાફ, એનડી પીએસ ડોગ સાથે વડોદરા રેલ્વે સ્ટેશન પર ભીડભાડ વાળી જગ્યાઓ તેમજ ટ્રેનમાં સર-સામાનનું ચેકીંગ કરાયું હતું. વડોદરા રેલવે સ્ટેશન ખાતેથી પસાર થતી વિવિધ ટ્રેનોમાં મુસાફરી કરતા પેસેન્જરો, પ્લેટફોર્મ ઉપરથી અવર-જવર કરતા શકમંદ પેસેન્જરોના માલસામાનનું ઝીણવટ ભરી રીતે મેન્યુઅલી ચેકીંગ કરવામાં આવ્યું હતું. આ સાથે વડોદરા રેલ્વે સ્ટેશન પ્લેટફોર્મ ઉપરના પેસેન્જરોની અને ભીડ-ભાડવાળી જગ્યાઓ, ,પોસ્ટ ઓફિસ,વેઇટિંગ રૂમ જેવી જગ્યાઓએ સઘન ચેકીંગ કાર્યવાહી કરવામાં આવી હતી,આ ચેકીંગ દરમ્યાન કોઇ શંકાસ્પદ કે કોઇ વાંધાજનક વસ્તુ મળી આવેલ નથી. રેલ્વેમાં ટ્રેન મારફતે માદક પદાર્થો હેરાફેરી ન થાય સાથે કોઈ અઘટિત ઘટના ન બને તે માટે રેલવે પોલીસ દ્વારા સતર્કતાના ભાગ રૂપે આ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

ડિવિઝનલ રેલવે મેનેજરે ભાવનગર રેલવે ડિવિઝનના ૯ કર્મચારીઓને "ડીઆરએમ સંરક્ષા પુરસ્કાર"થી કર્યા સન્માનિત

વેસ્ટર્ન રેલવે ભાવનગર ડીવીઝનના ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી રવીશ કુમારે ભાવનગર ડીવીઝનના ૯ કર્મચારીઓને "ડીઆરએમ સેફટી એવોર્ડ"થી સન્માનિત કર્યા. ભાવનગર ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા અનુસાર, આ પુરસ્કાર ૨૪ એપ્રિલ, ૨૦૨૫ (ગુરુવાર)ના રોજ ડિવિઝનલ રેલવે મેનેજર ઑફિસ - ભાવનગર પરા ખાતે એડિશનલ ડિવિઝનલ રેલ

લોકોને સ્વસ્થ આહાર મળી રહે તથા પર્યાવરણની રક્ષા થાય તે માટે દેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ જ એક માત્ર ઉપાય છે

આપણે સૌ દેશની ઉન્નતી અને ભાવિ પેઢીના નિર્માણમાં સહભાગી થઈએ: રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

રાજ્યપાલ અને કુલાધિપતિ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને અને પશુપાલન મંત્રી શ્રી રાઘવજી પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ટાઉનહોલ-ગાંધીનગર ખાતે કામધેનુ યુનિવર્સિટીનો ૧૧મો દીક્ષાંત સમારોહ યોજાયો હતો. જેમાં ૭૪૨ વિદ્યાર્થીઓને પશુચિકિત્સા, ડેરી અને મત્સ્યપાલન શાખાઓના વિવિધ અભ્યાસક્રમોની પદવી એનાયત કરવામાં આવી હતી. આ ઉપરાંત રાજ્યપાલશ્રીના હસ્તે તેજસ્વી વિદ્યાર્થીઓને ૧૦૫ મેડલ પણ અર્પણ કરવામાં આવ્યા હતા.

આ અવસરે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, આપણે રહેવા માટે મકાનો બનાવીએ છીએ, કેનાલો બનાવીએ છીએ, કારખાનાઓ ઊભા કરીએ છીએ, વિશાળ હૉલ બનાવીએ છીએ, એટલે કે જીવનમાં ઉપયોગી અનેક વસ્તુઓ બનાવીએ છીએ, જેની પાછળનો મુખ્ય હેતુ સુખી રહેવાનો છે. પરંતુ આયુર્વેદ અનુસાર સુખનો આધાર ઉત્તમ સ્વાસ્થ્ય છે. આયુર્વેદમાં કહ્યું છે કે, ધર્મ, અર્થ અને કામ કરતા મોક્ષની પ્રાપ્તિ કરવા માટેનો પહેલો આધાર સ્વસ્થ શરીર છે. એટલે જ કહેવાયું છે કે, પહેલું સુખ નિરોગી કાયા. આથી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ સમગ્ર દેશમાં લોકોને સ્વસ્થ આહાર મળી રહે તે માટે પ્રાકૃતિક કૃષિ મિશન શરૂ કરવામાં આવ્યું છે.

પ્રાકૃતિક કૃષિ અને ઓર્ગેનિક (જૈવિક) ખેતી વચ્ચે જમીન આસમાનનું અંતર છે તેમ જણાવી રાજ્યપાલશ્રીએ કહ્યું કે, પૂરતી જાણકારીના અભાવે લોકો પ્રાકૃતિક ખેતીને ઓર્ગેનિક ખેતી સમજી બેસે છે. ઓર્ગેનિક ખેતીમાં ઉત્પાદન વધતું નથી, ખર્ચ ઘટતો નથી અને મહેનત પણ ઘટતી નથી, જ્યારે દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી વ્યવસ્થિત રીતે કરવામાં આવે તો નહીવત ખર્ચે પ્રથમ વર્ષથી જ રાસાયણિક ખેતી જેટલું ઉત્પાદન મેળવી શકાય છે. અને ત્યારબાદ દર વર્ષે ઉત્પાદન વધે છે.

ગુરુકુળ કુરુક્ષેત્રમાં મારી પાસે ૪૦૦ ગાય છે અને મારી ગાયો દિવસનું એવરેજ ૨૬ લીટર દૂધ આપે છે. આટલું બધું દૂધ ઉત્પાદન નસલ સુધારણાને પરિણામે શક્ય બન્યું છે. જેના માટે સેક્સ સોર્ટેડ સીમનનો ઉપયોગ કરવામાં આવે છે. વિદેશમાં ૨૨૦૦ રૂપિયામાં મળતું સીમન આપણે ત્યાં સ્વદેશી રીતે ફક્ત રૂપિયા ૭૦૦ માં તૈયાર થાય છે અને રાજ્ય સરકારે તેને પ્રોત્સાહન આપવા માટે ખેડૂતો અને પશુપાલકોને ફક્ત રૂપિયા ૫૦માં ઉપલબ્ધ કરાવ્યું છે. મારા ગુરુકુલ ફાર્મમાં ગયા વર્ષે ૧૦૦ ગાયોને સેક્સ સોર્ટેડ સીમન આપ્યું હતું, જેમાંથી ૯૨ વાછડીઓ જન્મી છે.

રાજ્યપાલશ્રીએ તમામ વિદ્યાર્થીઓને અપીલ કરી કે, આપ જે આજે ડિગ્રીઓ મેળવી છે તો તેને ફક્ત નોકરીનું સાધન ના બનાવતા, પરંતુ તમારું આ જ્ઞાન દેશને કામ આવે. પશુપાલન દ્વારા લોકોનું આરોગ્ય બચાવવું તે ખૂબ જ જવાબદારી ભર્યું કામ છે. તમે લોકો આજે ડિગ્રીઓ મેળવી છે, તો વ્યવહારિક જીવનમાં પણ તેનો ઉપયોગ થવો જોઈએ. મારી પાસે પશુપાલનની કોઈ ડિગ્રી નથી અને પશુ વિજ્ઞાનનો અભ્યાસ કર્યો નથી, માત્ર નિરીક્ષણ કરીને મેં મારી ગાયોની જાતે જ નસલ સુધારણા કરી છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશને વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બનાવવા આહવાન કર્યું છે ત્યારે, દરેક વ્યક્તિ પોતાની ફરજ ઈમાનદારીથી નિભાવે અને જે ક્ષેત્રમાં કામ કરે છે ત્યાં પૂર્ણ સમર્પણથી કામ કરી, દેશની ઉન્નતી અને ભાવિ પેઢીના નિર્માણ માટે કામ કરે તો આપણે નિશ્ચિતપણેથી સફળ થઈશું.

પશુપાલન મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે પદવી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતા કહ્યું હતું કે, પદવી પ્રાપ્ત કરનાર દરેક વિદ્યાર્થી માટે આજનો દીક્ષાંત સમારોહ રાષ્ટ્રસેવાનો નવતર પ્રારંભ છે. તમારું જ્ઞાન, સંશોધન અને પ્રતિબદ્ધતા ગ્રામ્ય જીવનના વિકાસને નવી દિશા આપશે. ભારતની રૂરલ ઈકોનોમીને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી વધુ મજબૂત બનાવવામાં તમારા જેવા યુવા ચેન્જમેકર્સની ભૂમિકા મહત્વપૂર્ણ રહેશે. આજથી જ તમારા ભવિષ્યનો રોડમેપ "વિકસિત ભારત@૨૦૪૭" અને "સહકાર સે સમૃદ્ધિ" જેવા દ્રષ્ટિગત સંકલ્પોને સાર્થક કરતો હોવો જોઈએ.

તેમણે ઉમેર્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વ્હાઈટ રિવોલ્યુશન ૨.૦ તેમજ બ્લુ રીવોલ્યુશન જેવા દૂરંદેશી વિઝનના પરિણામે આજે દૂધ ઉત્પાદન અને મત્સ્યોદ્યોગ ક્ષેત્રે ભારત વૈશ્વિક સ્તરે મોખરે પહોંચ્યો છે. ગુજરાત સહિત દેશભરમાં વૃદ્ધિ પામી રહેલા પશુપાલન અને મત્સ્યોદ્યોગ ક્ષેત્રના વિકાસને ગતિવાન બનાવવા માટે કામધેનુ યુનિવર્સિટી હરહંમેશ તત્પર રહી છે. એટલે જ, કામધેનુ યુનિવર્સિટીએ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ માટે વિશ્વની ૪૮ પ્રતિષ્ઠિત સંસ્થાઓ સાથે સમજૂતી કરાર કર્યા છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે વિકસાવેલા સુદ્રઢ પશુ આરોગ્ય માળખાના પરિણામે નવ યુવાઓ માટે રોજગારીની અપાર તકો ઉપલબ્ધ થઈ છે. યુવાનો હવે મરીન એક્વાકલ્ચર, એન્વાયરમેન્ટલ ફિશરીઝ, પોસ્ટ હાર્વેસ્ટ વેલ્યુ એડીશન અને એક્ષ્પોર્ટ ચેઈન જેવા ક્ષેત્રોમાં ઉદ્યોગ સાહસિકતાની અપાર તકો ખુલ્લી પડી છે. દરિયા કિનારાના વિકાસને રાષ્ટ્ર વિકાસ સાથે જોડીને દરિયાઈ વિકાસને દેશના વિકાસનું મુખ્ય પરિબળ બનાવવાની દિશામાં કામ કરવા માટે મંત્રીશ્રીએ સૌ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

શેર-એ-કશ્મીર એગ્રીકલ્ચરલ સાયન્સ એન્ડ ટેક્નોલોજી યુનિવર્સિટી-જમ્મુના કુલપતિ ડૉ. બી. એન. ત્રિપાઠીએ પદવી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને ઉજ્જ્વળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવીને વેટેનરી, ડેરી અને મત્સ્યોદ્યોગ ક્ષેત્રમાં નવી ટેક્નોલોજીના માધ્યમથી નવી દિશા આપવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, આજે વિશ્વના કુલ દૂધ ઉત્પાદનમાં ૨૫ ટકાના ફાળા સાથે ભારત મોખરે છે. આગામી સમયમાં મત્સ્યોદ્યોગ જેવા વિવિધ ક્ષેત્રે પણ ભારત મોખરાનું સ્થાન હાંસલ કરે, તે દિશામાં સૌ વિદ્યાર્થીઓએ ટેકનોલોજીના સહારે પોતાનું મહત્વપૂર્ણ યોગદાન આપવાનું છે.

આ પ્રસંગે રાજ્યપાલશ્રી સહિત ઉપસ્થિત સૌએ કશ્મીરના પહેલગામમાં મૃત્યુ પામેલા લોકોના આત્માની શાંતિ તથા તેમના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરવા માટે બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલિ આપી હતી. દીક્ષાંત સમારોહના પ્રારંભે કામધેનુ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. એન. એચ. કેલાવાલાએ સૌનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. તેમણે કામધેનુ યુનિવર્સિટીમાં ચાલતાં વિવિધ અભ્યાસક્રમો અને સિદ્ધિઓ અંગે વિગતવાર માહિતી આપી હતી. જ્યારે, કાર્યક્રમના અંતે કામધેનુ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર ડૉ. કે. કે. હડિયાએ આભારવિધિ કરી હતી.

આ સમારોહમાં રાજ્યપાલશ્રીના હસ્તે શ્રેષ્ઠ અધ્યાપક, શ્રેષ્ઠ સંશોધક અને શ્રેષ્ઠ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રીના પારિતોષિક અર્પણ કરવામાં આવ્યા હતા. સાથે જ, રાજ્યપાલશ્રીએ વિવિધ પ્રકાશનોનું વિમોચન પણ કર્યું હતું. આ કાર્યક્રમમાં રાજ્યની અન્ય યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓ, કુલસચિવશ્રીઓ, મહાનુભાવો, કામધેનુ યુનિવર્સિટીના અધ્યાપકો તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

વર્ષ ૨૦૨૪માં અંદાજે ૧.૮૧ કરોડ કરતાં વધુ તાવના દર્દીઓને વિનામૂલ્યે નિદાન અને સારવાર અપાઈ

સમગ્ર દેશમાં "મેલેરિયા નિર્મૂલન"માં ગુજરાતનો કેટેગરી-૧માં સમાવેશ: મેલેરિયા પોઝિટિવ દર ૧,૦૦૦ની વસ્તીએ ૦૧થી નીચે

ગુજરાત સરકારના મેલેરિયા નિર્મૂલન માટેના અથાગ પ્રયત્નો થકી તમામ જિલ્લાઓ અને મહાનગરપાલિકાઓ સહિત રાજ્યનો મેલેરિયા પોઝિટિવ દર ૧,૦૦૦ની વસ્તીએ ૦૧થી નીચે નોંધાયો છે. જેના પરિણામે ગુજરાતનો સમગ્ર દેશમાં "મેલેરિયા નિર્મૂલન" અંતર્ગત કેટેગરી-૨માંથી ૧માં સમાવેશ કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલના નેતૃત્વમાં રાજ્યમાંથી મેલેરિયા નિર્મૂલન માટે સરકાર કટિબદ્ધ છે. જે અંતર્ગત રાજ્યના તમામ આરોગ્ય કેન્દ્ર ખાતે મેલેરિયાનું નિદાન અને સારવાર મફત કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૪માં આરોગ્ય વિભાગ દ્વારા મેલેરિયાના નિદાન માટે અંદાજે ૧.૮૧ કરોડ કરતાં વધુ તાવના દર્દીઓ શોધી, લોહીના નમૂના એકત્રિત કરીને નિઃશુલ્ક નિદાન કરવામાં આવ્યું હતું, તેમજ મેલેરિયા પોઝિટિવ દર્દીઓને વિનામૂલ્યે સારવાર આપવામાં આવી હતી. સમગ્ર વર્ષ દરમિયાન આરોગ્ય વિભાગ દ્વારા શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ દ્વારા સઘન પોરાનાશક કામગીરી, પોરાનું લાઈવ ડેમોસ્ટ્રેશન, ફિવર સર્વેલન્સ, બાંધકામ સાઈટની તપાસ, શ્રમિકોના બ્લડ સ્કિનિંગ તથા લાંબા સમય સુધી પાણી સ્થગિત રહેતું હોય તેવા વિવિધ વિસ્તારોમાં પોરાભક્ષક માછલીઓ મુકવાની કામગીરી કરવામાં આવે છે. રાજ્યમાં વર્ષ ૨૦૨૪ દરમિયાન ૨૩૩ ગામોની અંદાજિત ૨.૫૨ લાખ કરતાં વધુ વસ્તીને જંતુનાશક દવા છંટકાવ હેઠળ આવરી લેવામાં આવી હતી. રાજ્ય સરકારના મેલેરિયા નિર્મૂલનના અવિરત પ્રયાસોના ભાગરૂપે મેલેરિયા પ્રભાવિત ક્ષેત્રોમાં ઘટાડો થતાં વર્ષ ૨૦૨૫માં ૧૯૬ ગામોની અંદાજિત ૨.૦ લાખ કરતાં વધુ વસ્તીને જંતુનાશક દવા છંટકાવ હેઠળ આવરી લેવાનું આયોજન કરવામાં આવ્યું છે. રાસાયણિક દવાઓથી થતા પ્રદુષણના વિકલ્પ રૂપે જૈવિક નિયંત્રણ કામગીરી હેઠળ રાજ્યમાં કુલ ૩,૮૬૩ પોરાભક્ષક માછલી ઉછેર કેન્દ્રો બનાવવામાં આવ્યા છે. ગપ્પી અને ગમ્બુશીયા નામની પોરાભક્ષક માછલીઓ તમામ મચ્છર ઉત્પત્તિ સ્થાનો પર મચ્છરોના ઈંડામાંથી બનતા પોરાનું ભક્ષણ કરે છે અને મચ્છરોનો ઉપદ્રવ વધતો નથી. આ ઉપરાંત રાજ્યમાં દર વર્ષે સ્પેશિયલ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સના પ્રિ મોન્સુન-એપ્રિલ માસ, મોન્સુન-જૂન માસ અને પોસ્ટ મોન્સુન-સપ્ટેમ્બર માસ એમ કુલ ૩ રાઉન્ડ દ્વારા મેલેરિયા નિયંત્રણ કામગીરી વધુ સઘન બનાવવામાં આવે છે.

વિવિધ જન જાગૃતિના કાર્યક્રમો

વિશ્વ મેલેરિયા દિવસની ઉજવણી અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા મેલેરિયા અંગેની જનજાગૃતિ માટે જાહેર સ્થળોએ કાર્યક્રમો, પ્રદર્શન, પત્રિકાઓનું વિતરણ, ભવાઈ, નાટક, પપેટ શો જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જાહેર સ્થળો પર રેલી, હોર્ડિંગ્સ, બેનર, પોસ્ટર્સ, ભીંતચિત્રો તેમજ ભીંતસુત્રોના માધ્યમથી જાહેરાત અને સંદેશાઓ પ્રસિધ્ધ કરવામાં આવે છે. આ ઉપરાંત શાળાઓ-કોલેજોમાં વાહકજન્ય રોગો સબંધિત કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મચ્છરજન્ય રોગ મેલેરિયાના અસરકારક નિયંત્રણ માટે જનજાગૃતિ કેળવી જનસમુદાયની સક્રિય ભાગીદારી મેળવવાના હેતુસર વર્ષ ૨૦૦૭થી **WHO** દ્વારા સમગ્ર વિશ્વમાં તા. ૨૫ એપ્રિલના રોજ 'વિશ્વ મેલેરિયા દિવસ' ઉજવવામાં આવે છે. 'વિશ્વ મેલેરિયા દિવસ' અંતર્ગત ચાલુ વર્ષે **WHO** દ્વારા **"Malaria Ends With Us: Reinvest, Reimagine, Reignite"**ની થીમ નક્કી કરવામાં આવી છે.

મેલેરિયા કેવી રીતે ફેલાય છે ?

મેલેરિયા એ ચોખ્ખા અને બંધિયાર પાણીમાં પેદા થતાં એનોફિલીસ નામના મચ્છર દ્વારા એક વ્યકિતમાંથી બીજી વ્યકિતમાં ફેલાતો અને પ્લાસમોડીયમ નામના પરોપજીવી જંતુથી થતો રોગ છે. એનોફિલીસ માદા મચ્છર મેલેરિયાના દર્દીને કરડે ત્યારે પરોપજીવી જંતુને લોહી સાથે ચૂસી લે છે. ત્યારબાદ આ મચ્છર તંદુરસ્ત વ્યકિતને કરડે ત્યારે તેને મેલેરિયાનો ચેપ લાગે છે.

મેલેરિયાના ચિન્હો

મેલેરિયાના દર્દીને સખત ઠંડી લાગવી, ધ્રુજારી આવવી, ૮ થી ૧૨ કલાક તીવ્ર તાવ આવવો, તાવ એક દિવસના અંતરે અથવા દરરોજ આવવો, માથું અને શરીર દુખવું, કળતર તેમજ ઊલટી થાય, ઉબકા આવે, તાવ ઉતરે ત્યારે ખુબ પરસેવો થાય જેવા વિવિધ લક્ષણો જોવા મળે છે. મેલેરિયા સામે રક્ષણ માટે મચ્છરોની ઉત્પત્તિ અટકાવવી ખૂબ જ જરૂરી છે, તે માટે પાણી સંગ્રહના પાત્રો હવાચુસ્ત રીતે ઢાંકીને રાખવા, ઘરની આજુ બાજુ પાણીના નાના ભરાવામાં માટીથી પુરાણ કરવું તેમજ મોટા ભરાવામાં પોરાભક્ષક માછલીઓ અવશ્ય મૂકવી, મચ્છરોથી બચવા માટે ઘરમાં જંતુનાશક દવાનો છંટકાવ કરાવો, બારી બારણાઓમાં મચ્છર જાળીઓ લગાડવી, મચ્છર અગરબત્તિ તથા રિપેલન્ટનો ઉપયોગ કરવો, વહેલી સવારે અને સંધ્યા કાળે ઘરના બારી બારણા એક કલાક માટે બંધ રાખવા, સુતી વખતે જંતુનાશક દવાયુક્ત કે સાદી મચ્છરદાનીનો ઉપયોગ કરવો, તાવ આવે ત્યારે લોહીની તપાસ અવશ્ય કરાવવી જેવા સાવચેતીના પગલાં ભરવા આરોગ્ય વિભાગની યાદીમાં જણાવ્યું છે.

- જીગર બારોટ

બે દીકરીનો આબાદ બચાવ

ડીસામાં દીવાલ ધરાશાયી થતાં મહિલાનું ઘટનાસ્થળે મોત

(સંપૂર્ણ સમાચાર સેવા) બનાસકાંઠા

બનાસકાંઠાના ડીસામાં ગાયત્રી મંદિર નજીક આવેલા શોપિંગ સેન્ટરના બાંધકામની કામગીરી દરમિયાન આજે ગુરુવારે (૨૪ એપ્રિલ, ૨૦૨૫) ગેરકાયદે દીવાલ ધરાશાયી થતા દુર્ઘટના સર્જાઈ હતી. આ દુર્ઘટનામાં એક મહિલાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે બે દીકરીનો આબાદ બચાવ થયો હતો.

સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. ઘટનાને પગલે સુપરવાઈઝર, મજૂરો અને જેસીબી ડ્રાઈવર ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા.

ડીસાના ગાયત્રી મંદિર નજીકના શોપિંગ સેન્ટરમાં ખોદકામ ચાલી રહ્યું હતું ત્યારે દીવાલ ધરાશાયી થઈ હતી. આ દુર્ઘટનામાં રસ્તા પરથી પસાર થઈ રહેલા તેજલબહેન વિરાજી ઠાકોર નામની મહિલાનું મોત નીપજ્યું હતું. તેજબહેનના ભાઈના લગ્ન હોવાથી તે ડીસા બજારમાં ખરીદી કરવા માટે આવ્યા હતા.

જ્યારે ઘટનાસ્થળે હાજર લોકોનું કહેવું છે કે, બાંધકામ સ્થળે જેસીબીની ટક્કરથી બાજુની દીવાલ ધરાશાયી થઈ હતી. આ દરમિયાન મહિલા અને તેમના પરિવાર ચાલીને જઈ રહ્યા હતા. જ્યારે દીવાલ તૂટી પડતાં મહિલા તેની નીચે દટાયા હતા. સમગ્ર ઘટનાને પગલે પોલીસે સ્થળ પર પહોંચી હતી અને મૃતક મહિલાના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે મોકલીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે ગેરકાયદે બાંધકામને લઈને પોલીસે યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપી છે.

બિહારને ચાર નવી ટ્રેનોની સૌગાત

બિહાર રેલ્વેની ત્રણ નવનિર્મિત રેલ્વે લાઈનો રાષ્ટ્રને સમર્પિત

હાજીપુર

માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ મધુબની જિલ્લાના લોહના ખાતે આયોજિત એક કાર્યક્રમમાં ત્રણ નવનિર્મિત રેલ્વે લાઈન રાષ્ટ્રને સમર્પિત કરી અને બિહારને ચાર નવી ટ્રેનોની ભેટ આપી. માનનીય પ્રધાનમંત્રીએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા જે ટ્રેનોને લીલી ઝંડી આપી હતી તેમાં જયનગર પટના નમો ભારત રેપિડ રેલ અને સહરસા-લોકમાન્ય તિલક અમૃત ભારત એક્સપ્રેસ અને બે પેસેન્જર ટ્રેનોનો સમાવેશ છે. નમો ભારત રેપિડ રેલ વિશે વિગતો આપતાં, રેલવે બોર્ડના માહિતી અને પ્રચાર એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર દિલીપ કુમારે પત્રકારોને જણાવ્યું હતું કે બે શહેરો વચ્ચે હાઈ-સ્પીડ, આધુનિક રેલ પરિવહનનું સ્વપ્ન હવે વાસ્તવિકતા બની ગયું છે. નમો ભારત રેપિડ રેલ એ અમૃતકાલમાં ભારતીય રેલ્વેના વિકાસનો નવો સારથિ છે. આ ટ્રેન દેશના આંતરિક ભાગોમાં સ્થાનિક લોકોને શહેરી મુસાફરી માટે આધુનિક સુવિધાઓની ખાતરી આપે છે. તેમણે કહ્યું કે નમો ભારત રેપિડ રેલ આધુનિક સુવિધાઓથી સજ્જ છે. આ ઈન્ટરસિટી ટ્રેન જયનગરને પટના સાથે જોડશે. ૧૬ કોચમાં ૨ હજારથી વધુ મુસાફરોની ક્ષમતા ધરાવતી આ ટ્રેનનું સંચાલન બિહારના વિકાસને નવી ગતિ આપવા જઈ રહ્યું છે. આ ટ્રેન જયનગર અને પટના વચ્ચે મધુબની, દરભંગા, સમસ્તીપુર, બેગુસરાય, મોકામા અને પટના જિલ્લાઓને જોડશે. અમદાવાદ-ભુજ પછી આ દેશની બીજી 'નમો ભારત' ઝડપી રેલ સેવા છે. આનાથી બે શહેરો વચ્ચેનું અંતર તો ઘટશે જ, સાથે સાથે બિહારના સપનાઓને પણ નવી ઉડાન મળશે. ઝડપી એક્સેલરેશન અને આધુનિક બ્રેકિંગ સિસ્ટમથી સજ્જ છે. તેના બંને છેડે ડ્રાઈવિંગ કેબ હોવાથી, તેને ટર્નઅરાઉન્ડની જરૂર પડશે નહીં, અનાથી સમય ની બચત થશે. નમો ભારત સંપૂર્ણપણે એર-કન્ડિશન્ડ છે અને એર્ગોનોમિકલી ડિઝાઈન કરેલી બેઠકો સાથે આવે છે. ટ્રેનમાં વેક્યુમ-આધારિત મોડ્યુલર શૌચાલય, દિવ્યાંગ અનુકુળ શૌચાલય અને ધૂળ-પ્રૂફ સીલબંધ ગેંગવે પણ છે, જે ટ્રેનની મુસાફરીને વધુ સ્વચ્છ, સુલભ અને શાંતિપૂર્ણ બનાવે છે. આ ટ્રેનની એક ખાસ વાત એ છે કે તે 'કવચ' સુરક્ષા સિસ્ટમથી સજ્જ છે. દરેક કોચમાં સીસીટીવી કેમેરા, ફાયર ડિટેક્શન સપ્રેશન સિસ્ટમ અને ઈમરજન્સી ટોક-બેક સિસ્ટમ સલામત મુસાફરીની ખાતરી આપે છે.ટ્રેનના કોચમાં ઓટોમેટિક દરવાજાવાળા સેમી પરમાનેન્ટ કપ્લર્સ યુક્ત છે, જે મુસાફરોને કોઈ પણ પ્રકારનો ઝટકો અનુભવવા દેતા નથી. આ હાઈ સ્પીડ મુસાફરીને સરળ અને સુરક્ષિત બનાવે છે. ટ્રેનમાં રૂટ-મૅપ ઈન્ડિકેટર પણ છે, જે દરેક સ્ટેશન વિશે માહિતી પ્રદાન કરશે. ઓપન લાઈન રેલ્વેમાં આ સુવિધા પહેલીવાર પૂરી પાડવામાં આવી રહી છે. ઈમરજન્સી લાઈટિંગ, એલઈડી લાઈટિંગ અને અલ્ટ્રા મૉર્ડન ડિઝાઈન મુસાફરોને શાંત અને સારી રીતે પ્રકાશિત વાતાવરણ પૂરું પાડે છે. સહરસા અને લોકમાન્ય તિલક વચ્ચે દોડતી અમૃત ભારત એક્સપ્રેસ વિશે વાત કરતા, રેલવે બોર્ડના એક્ઝિક્યુટિવ ડિરેક્ટરે જણાવ્યું હતું કે અમૃત ભારત ૨.૦ ટ્રેન ભારતીય રેલવેની એક આધુનિક પહેલ છે. આ ટ્રેન સામાન્ય મુસાફરોને ઓછા ભાડામાં સારી સુવિધાઓ, આરામ અને સ્વદેશી ટેકનોલોજીનો અનુભવ આપે છે. આ ટ્રેન ખાસ કરીને મધ્યમ વર્ગ અને અંત્યોદય માટે ડિઝાઈન કરવામાં આવી છે. તેના કોચ સંપૂર્ણપણે ભારતમાં બનેલા છે અને આત્મનિર્ભર ભારતની ભાવનાને વધુ મજબૂત બનાવે છે. અમૃત ભારત ટ્રેન સુવિધાજનક છે. તેનો દેખાવ અને ડિઝાઈન પણ ખૂબ જ આકર્ષક છે. તે પ્રીમિયમ ટ્રેનનો અનુભવ આપે છે. રેલ્વેનો પ્રયાસ છે કે સામાન્ય માણસ પણ ગૌરવ અને આરામથી મુસાફરી કરી શકે અને આ વિચારને ધ્યાનમાં રાખીને આ ટ્રેન શરૂ કરવામાં આવી છે. પર્યાવરણ પ્રતિ જાગૃતિ, ઉર્જા સંરક્ષણ અને મુસાફરોની સુવિધા - આ ત્રણ પહલું આ ટ્રેનની ઓળખ છે. આ ટ્રેન દેશના વિકાસની નવી ગતિ અને બદલાતા ભારતના દેખાવની ઝલક છે. અમૃત ભારત એક્સપ્રેસની સલામતી સુવિધાઓ સમજાવતા તેમણે કહ્યું કે સુરક્ષા અને ટેકનિકલ દ્રષ્ટિકોણથી અમૃત ભારત ૨.૦ ટ્રેનમાં ઘણા મહત્વપૂર્ણ સુધારા કરવામાં આવ્યા છે. સલામતીને ધ્યાનમાં રાખીને, કપ્લરમાં કેશ ટ્યુબ અને ઈ-આસિસ્ટેડ બ્રેક સિસ્ટમ આપવામાં આવી છે, જે ઝડપી બ્રેક લાગી શકશે. તે સંપૂર્ણપણે સીલબંધ ગેંગવે અને વેક્યુમ ઈવેક્યુએશન સિસ્ટમથી સજ્જ છે. દરેક કોચમાં ટોક બેક યુનિટ અને ગાર્ડ રૂમમાં રિસ્પોન્સ યુનિટ હોવાથી મુસાફરોની સલામતી વધુ મજબૂત બનાવવામાં આવી છે. નોન-એસી કોચમાં પહેલીવાર ફાયર ડિટેક્શન સિસ્ટમની સુવિધા મુસાફરોની સલામતીમાં એક નવી ક્રાંતિ છે. અમૃત ભારત ૨.૦ સાથે, ભારતીય રેલ્વેમાં પહેલીવાર, ટ્રેનમાં સેમી-ઓટોમેટિક કપ્લરનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેના કારણે ટ્રેનને જોડતી વખતે કે અલગ કરતી વખતે કોઈ આંચકો કે અવાજ થતો નથી. તેમાં સ્થાપિત ડિફોર્મેશન ટ્યુબ અથડામણની સ્થિતીમાં આંચકો ઘટાડે છે, જેનાથી મુસાફરોની સલામતી વધે છે. આ રેક લોકોમોટિવ સાથે મળીને માત્ર સ્થિરતા જ નહીં પરંતુ સૌથી વધુ ગતિ અને વધુ સારી હેન્ડલિંગ ક્ષમતા પણ સુનિશ્ચિત કરે છે.

'મિઝલ્સ અને રૂબેલા નાબુદી અભિયાન ૨૦૨૫-૨૬' અંતર્ગત નાગરિકોમાં જાગૃતિ માટે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી શ્રી જે. પી. નડ્ડાજી દ્વારા રાષ્ટ્રવ્યાપી અભિયાનનો નવી દિલ્હીથી શુભારંભ

'મિઝલ્સ અને રૂબેલા નાબુદી અભિયાન ૨૦૨૫-૨૬' અંતર્ગત નાગરિકોમાં જાગૃતિ માટે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી શ્રી જે. પી. નડ્ડાજી દ્વારા રાષ્ટ્રવ્યાપી અભિયાનનો નવી દિલ્હીથી શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે 'ઓરી અને રૂબેલા નાબૂદી અભિયાન સંબંધિત જાગૃતિ માટે પુસ્તિકા જેવી કે પત્રિકા, પોસ્ટર વગેરેનું પણ મંત્રી શ્રી જે. પી. નડ્ડાજી દ્વારા વિમોચન કરવામાં આવ્યું હતું. આ અભિયાનના શુભારંભમાં ગુજરાતના આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ સહિત આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ વર્ચ્યુઅલી ઉપસ્થિત રહ્યા હતા.

સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ અંતર્ગત ગુજરાતમાં કરવામાં આવતી કામગીરી

સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ અંતર્ગત ઓરી/રૂબેલાની વેક્સીનનો પ્રથમ ડોઝ બાળકને ૯-૧૨ મહિને તેમજ બીજો ડોઝ ૧૬-૨૪ મહિનાની ઉંમરે આપવામાં આવે છે. આ રીતે ઓરી/રૂબેલાની વેક્સીનના કુલ બે ડોઝ આપીને બાળકને રક્ષિત કરવામાં આવે છે. રાજ્યમાં ઓરીનું નિવારણ લાવવાના હેતુસર ભારત સરકારની ગાઈડલાઈન મુજબ વર્ષ ૨૦૧૮માં જુલાઈ થી નવેમ્બર માસ દરમ્યાન મિસલ્સ રૂબેલા અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. આ અભિયાનમાં ૯ મહિનાથી ૧૫ વર્ષ સુધીના કુલ ૧.૪૫ કરોડથી વધુ બાળકોને મિસલ્સ રૂબેલાની રસી આપીને રક્ષિત કરવામાં આવ્યા હતા. ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૬ સુધીમાં સમગ્ર દેશને ઓરી/રૂબેલા મુકત કરવાનું નકકી કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે તમામ રાજ્યોને ઓરી અને રૂબેલાનું સઘન સર્વેલન્સ કરવાની **fever** અને **rash** ધરાવતા તમામ કેસોની તપાસ કરી ઓરી અને રૂબેલા શોધી કાઢી સઘન સારવાર અને અટકાયત અને નિયંત્રણનાં તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત ગુજરાતમાં વર્ષ ૨૦૨૩માં ઓરીના લગભગ ૪,૦૦૦ કેસ નોંધાયા હતા, જ

કાશ્મીરનુ નામ બદનામ કરો છો, વાંધો સરકાર અને સીકયુરીટીમાં છે : મૃતક શૈલેષભાઈની પત્નીનો પાટીલ સામે આક્રોશ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

જમ્મુ અને કાશ્મીરના અનંતનાગ જિલ્લાના પહેલગામમાં મંગળવારે થયેલા આતંકવાદી હુમલામાં ૩ ગુજરાતી સહિત ૨૮ ભારતીય નાગરીકના મોત થયા છે. આ આતંકી હુમલાનો ભોગ બનેલા સુરતના શૈલેષભાઈ કથળીયાની આજે ગુરૂવારે સવારે અંતિમક્રિયા નિકળી હતી. શૈલેષભાઈ કથળીયાની અંતિમયાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

આ દરમિયાન મૃતક શૈલેષભાઈના પત્ની શિતલબેને કેન્દ્રીય મંત્રી સી આર પાટીલ સામે આક્રોશ ઠાલવતા કહ્યુ કે કાશ્મીરમાં કોઈ વાંધો નથી, વાંધો તો આપણી સરકાર અને સીકયુરીટી માં છે, આતંકવાદીઓનો ગોળીનો ભોગ બનેલા શૈલેષભાઈ કથળીયા નો પાર્થીવ દેહ બુધવારે ૨૩ એપ્રિલે સુરત લાવવામાં આવ્યો હતો અને સુરત સ્મીમેર હોસ્પીટલમાં તેમના દેહ ને કોલ્ડ સ્ટોરેજમાં રાખવામાં આવ્યો હતો. અંતિમવિધી માટે શૈલેષભાઈના પાર્થીવ દેહને નિવાસસ્થાને લાવતાની સાથે જ પરીવારજનોના ભારે આક્રંદ થી વાતાવરણમાં ગમગીની છવાઈ ગઈ હતી. શૈલેષભાઈ કળથીયાની અંતિમક્રિયામાં સામેલ થવા માટે ભાજપ પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ, ગૃહ રાજય મંત્રી હર્ષ સંઘવી પણ પહોચ્યા હતા. સાથે જ રાજય મંત્રી પ્રફુલ પાનસેરીયા, ધારાસભ્ય વિનુ મોરડીયા, ધારાસભ્ય કુમાર કાનાણી સહિતના આગેવાનો તેમની અંતિમક્રિયા માં જોડાવવા માટે પહોચ્યા હતા. શૈલેષ કથળીયાની અંતિમ યાત્રા નિકળે એ અગાઉ તેમની પત્નીએ વ્યથા ઠાલવતા કહ્યુ હતુ કે આતંકીઓ હુમલો કરવા આવ્યા ત્યારે મુસ્લીમોને કંઈ ન કર્યુ, અને જેટલા હિન્દુ હતા એમને અલગ ઉભા કરીને બધાને ગોળી મારી દીધી અને જયાં સુધી જીવ ન ગયો ત્યાં સુધી ઉભો ઉભો હસતો રહ્યો હતો, આતંકી કાશ્મીરનુ નામ બદનામ કરો છો પણ કાશ્મીર સામે કંઈ વાંધો નથી, વાંધો આપણી સરકાર અને સીકયુરીટીમાં છે. એવી

જગ્યા કે જયાં આટલા ટુરીસ્ટ હતા તેમ છતાં પણ કોઈ આર્મી, પોલીસ કે મેડીકલ કેમ્પ ન હતો. અમે સરકાર અને આર્મી ઉપર ભરોસો રાખી ફરવા ગયા હતા, અને હવે એ જ આર્મી કહે છે કે તમે ઉપર કેમ ફરવા જાઓ છો, જો હવે આપણા દેશની જ આર્મી આવુ બોલશે તો પછી જવાબદારી કોણ લેશે?

મૃતક શૈલેષ કળથીયાની પત્ની શિતલબેને પોતાની વ્યથા ઠાલવતા નથી જયારે મોટા મોટા નેતા આવે કે, વીઆઈપી આવે ત્યારે પાછળ કેટલી ગાડીઓ, ઉપર હેલીકોપ્ટર કોના થી ચાલે છે, ટેક્ષ પે કરે છે, તેના પરથી જ ચાલી છે ને ? વીઆઈપી માટે જે સર્વિસ છે એ આ લોકો માટે કેમ નથી ? હું નીચે આર્મી કેમ્પ માં બુમો પાડી પાડીને કહેતી હતી કે ઉપર કેટલા લોકો ઈજાગ્રસ્ત છે, તમે લોકો જલ્દી જાઓ, અને કંઈક કરો અમે ઉપરથી પડતા આખડતા નીચે ઉતર્યા તો પણ પાટીલને કહ્યુ કે ત્યાં કોઈ સુવિધા નથી, કોઈ આર્મી નથી, કે કોઈ પોલીસ ઉપર કોઈ ફેસીલીટી ન હતી પહોચી, ઉપર આટલુ બધુ થઈ ગયુ હતુ, અને નીચે આર્મી ને કેમ ખબર ન પડી કે આવુ થઈ ગયુ છે ? આતંકવાદીઓ અમારી સામે આવીને ગોળી મારી જાય છે, હિન્દુ મુસ્લીમોને અલગ કરીને હિન્દુઓના બધા ભાઈઓને ગોળી મારે છે તો આપણી આર્મી કરે છે શું ? લાખોની સંખ્યામાં આર્મી હતી ત્યાં અને જયાં ટુરીસ્ટ પ્લેસ છે ત્યાં કોઈ આર્મીમેન, પોલીસમેન કે કોઈ ફર્સ્ટ એઈડ કીટ નહી, કંઈજ સુવિધા નહી, તેમાંથી પણ એક આર્મીમેન કહે છે કે તમે લોકો ઉપર ફરવા જ શુ કામ જાઓ છો ?

સાહેબ મારૂ ઘર વિખેરાઈ ગયું...કાજલબેનના આ શબ્દો સાંભળી મુખ્યમંત્રી સહિત હાજર લોકોની આંખોમાં આંસુ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલામાં ભાવનગર ના પરમાર પરીવારે તેમના બે સ્વજન ગુમાવ્યા છે. પરીવાર અને સંબંધીઓ સાથે ફરવા ગયેલા યતીષભાઈ અને સ્મિત પરમાર ને આતંકીઓએ ગોળી મારી દીધી હતી. એ પણ પત્ની અને પરીવારની સામે જ... જીવનના આધાર સમાન પતિ અને વ્હાલસોયા પુત્રને ગુમાવનાર તેમના સુધબુધ ગુમાવી ચુકયા છે, આજે ગુરૂવારે યતિષભાઈ પરમાર અને સ્મિતના અંતિમસંસ્કાર કરવામાં આવ્યા ત્યારે આખુ ગામ હિબકે ચડયુ હતું. પરમાર પરીવારને દુઃખમાં સહભાગી થવા માટે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પહોચ્યા હતા. મૃતક યતિષભાઈના પત્ની કાજલબેન અને ભત્રીજાને મળ્યા હતા. સાથે કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણીયા, પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયા, ધારાસભ્ય સહિત અધિકારીઓ અંતિમયાત્રામાં જોડાયા હતા. મહત્વનુ છે કે પરમાર પરીવાર અને તેમનુ ગ્રુપ બૈસરન ઘાટીમાં ફરી રહ્યા હતા, ત્યારે જ આ આતંકી હુમલો થયો, જેમાં યતિષભાઈ અને સ્મિતને ગોળી મારવામાં આવી હતી. સ્મિતને કલમા પઢવાનુ પણ કહેવામાં આવ્યુ હતું. પતિ અને પુત્રને ગોળી વાગતી જોઈ પત્ની કાજલબેન બેહોશ થઈ ગયા હતા. હોશમાં આવતા જ તેઓ પતિ અને પુત્રની શોધખોળ કરી રહ્યા હતા અને જયારે તેમને બંનેના નિધનના સમાચાર મળ્યા ત્યારે તેઓ ભાંગી પડયા હતા. આવી જ સ્થિતિ પરમાર પરીવારની છે. તેમના પર દુઃખનો પહાડ તુટી પડયો હોય તેવી સ્થિતિ છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ જયારે તેમને સાંત્વના આપવા પહોચ્યા ત્યારે વિલાપ કરતા કાજલબેન એટલુ જ કહી શકયા કે સાહેબ...મારૂ ઘર વિખેરાઈ ગયું... કાજલબેનના આ શબ્દોએ મુખ્યમંત્રી સહિત ત્યાં હાજર તમામ લોકોની આંખોમાં આંસુ આવી ગયા હતા. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પરમાર પરીવાર સાથે ફરવા ગયેલા લોકો સાથે પણ મુલાકાત કરી હતી. જેમાં મૃતક સ્મિતના મામાના દિકરાએ આખી આતંકી ઘટના મુખ્યમંત્રી સમક્ષ વર્ણવી હતી. એ સમયે એ દિકરાની આંખમાં જે ભય હતો, તે આતંકી હુમલાની ગંભીરતા બતાવવા માટે પુરતો હતો, આ દિકરાએ નજર સામે તેના ફુઆ અને પિતરાઈ ભાઈને ગુમાવતા જોયા છે. આતંકી હુમલાએ તમામ પરીવાર માટે વજ્રઘાત સમાન છે. જેમણે પોતાના સ્વજનો ગુમાવ્યા છે.

નોંધનીય છે કે પહેલગામ આતંકી હુમલાના મૃતક યતિષ પરમાર તેમના પુત્ર સ્મિત પરમારના ભાવનગરમાં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

ગુજરાત કોંગ્રેસમાં પત્રિકાકાંડઃ કાર્યાલયમાં પત્રિકા વિતરણથી ખળભળાટ ભાજપ સાથે સેટીંગના આરોપમાં બે નેતાઓના નામ ઉછળ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

તાજેતરમાં ભારતીય જનતા પાર્ટીમાં પત્રિકા વિતરણનો મામલો ચર્ચામાં રહ્યા બાદ હવે ગુજરાત કોંગ્રેસમાં પણ આંતરીક વિખવાદ સપાટી પર આવ્યો છે અને પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય ખાતે કેટલાક લોકો દ્વારા પત્રિકાઓનુ વિતરણ કરવામાં આવ્યુ હતું જેમાં પાર્ટીના કેટલાક નેતાઓ પર ગંભીર આરોપો લગાવવામાં આવ્યા છે અને ભાજપ સાથે સેટીંગ કર્યાનો સીધો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ ઘટનાને કારણે કોંગ્રેસના આંતરીક રાજકારણમાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે. કોંગ્રેસ કાર્યાલય ખાતે વેચાયેલી આ

પત્રિકાઓમાં ભાજપ સાથે સેટીંગ કરતા નેતાઓના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ખાસ કરીને પત્રિકામાં કોંગ્રેસના બે અગ્રણી નેતાઓ હિંમતસિંહ પટેલ અને શૈલેષ પરમાર ના નામ સામે ગંભીર આરોપો લગાવવામાં આવ્યા છે. પત્રિકામાં આ નેતાઓ પર કોંગ્રેસ કાર્યાલય પર થયેલા પથ્થરમારાની ઘટનામાં ભાજપ સાથે સેટીંગ કર્યુ હોવાનો ચોંકાવનારો ઉલ્લેખ છે. આ ઉપરાંત પોલીસ ફરીયાદમાં પણ ભાજપ સાથે સેટીંગ કર્યાનો આરોપ આ બંને નેતાઓ પર લગાવવામાં આવ્યો હોવાનુ પત્રિકામાં જણાવવામાં આવ્યુ છે. આ ગંભીર આરોપો બાદ પત્રિકામાં હિંમતસિંહ પટેલ અને શૈલેષ પરમારને તાત્કાલીક પક્ષમાંથી સસ્પેન્ડ કરવાની માંગણી કરવામાં આવી છે. આ પત્રિકાકાંડ બાદ જેમના નામ ઉછળ્યા છે તેવા કોંગ્રેસના નેતા હિંમતસિંહ પટેલે તમામ આરોપોને પાયાવિહોણા ગણાવી ફગાવી દીધા છે. તેમણે આ ઘટનાને કેટલાક બની બેઠેલા નેતાઓનુ ષડયંત્ર ગણાવ્યુ છે. હિંમતસિંહ પટેલે ગરવી ગુજરાત સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે આ ખોટી પત્રિકા વાયરલ કરીને કોંગ્રેસ પાર્ટીને બદનામ કરવાનુ એક મોટુ ષડયંત્ર છે. મહત્વપૂર્ણ છે કે પ્રદેશ કોંગ્રેસ કાર્યાલયમાં બી કે હરીપ્રસાદની આગેવાનીમાં એક બેઠક મળી હતી. તે દરમિયાન અથવા તે આસપાસના સમયગાળામાં આ પત્રિકા વિતરણનો મામલો બન્યો હતો. આંતરીક વિખવાદ અને નેતાઓ સામેના આરોપોને લઈને કોંગ્રેસના કાર્યકર્તાઓએ નિરીક્ષકો સામે પણ પોતાનો રોષ ઠાલવ્યો હોવાનુ જાણવા મળી રહ્યુ છે. ભાજપ બાદ હવે કોંગ્રેસમાં પણ બહાર આવેલા આ પત્રિકાકાંડ એ દર્શાવે છે કે બંને મુખ્ય પક્ષોમાં આંતરીક જુથબંધી અને ખેંચતાણ ચાલી રહી છે. કોંગ્રેસમાં હિંમતસિંહ પટેલ અને શૈલેષ પરમાર જેવા નેતાઓ સામે સીધા અને ગંભીર આરોપો લાગવા અને તેમને સસ્પેન્ડ કરવાની માંગ ઉઠવી એ પક્ષ માટે મોટો પડકાર છે.

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના રતનપુર ગામના ૧૨ હજાર ના પગારદાર પાસે આઈટી વિભાગે ૩૬ કરોડ રૂપીયાનો હિસાબ માંગ્યો

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

થોડા દિવસ અગાઉ અમદાવાદમાં ૧૨ હજાર રૂપીયાના પગારે નોકરી કરનાર ઈડર તાલુકાના રતનપુર ગામના યુવકને આવકવેરા વિભાગે નોટીસ ફટકારીને તેના નામે થયેલા ૩૬ કરોડનો હિસાબ રજુ કરવા જણાવ્યુ હતું. હવે આવુ જ કંઈક ગીર સોમનાથ ના કોડીનાર માં રહેતા એક યુવક સાથે પણ થયુ હતું. આશિફભાઈ મહંમદભાઈ શેખ નામનો યુવક ગીરસોમનાથ જિલ્લાના કોડીનાર માં રહે છે અને એક રેસ્ટોરન્ટમાં કામ કરે છે. તેની પાસેથી પણ આઈટી વિભાગે હિસાબ માગ્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના રતનપુર ગામે ઈન્દીરા આવાસ યોજનામાંથી બનેલા ઘરમાં રહેતા પરીવારને આઈટી વિભાગે ૩૬ કરોડનો હિસાબ આપવાની નોટીસ ફટકારી હતી જેને કારણે પરીવારના પગ તળે થી જમીન સરકી ગઈ હતી અને પરીવાર ચિંતામાં મુકાઈ ગયો છે. યુવકે નોટીસ આવતા ગામના વડીલોને બતાવ્યા બાદ પોલીસ સ્ટેશન અને સાયબર પોલીસ સ્ટેશન તેમજ આઈટી વિભાગમાં પણ ગયો હતો. પરંતુ તેનુ કોઈ નિરાકરણ આવ્યુ ન હતું, આ યુવક મહિને ૧૨ હજાર રૂપીયાના પગાર પર નોકરી કરે છે. આવી છેતરપીંડીને ઘણી ઘટનાઓ બહાર આવી રહી છે તો તમારે પણ પાનકાર્ડનો ઉપયોગ સંભાળીને કરવો જોઈએ અને બિનજરૂરી તેમજ અજાણ્યા ઈસમો સાથે પાનકાર્ડ કે મહત્વપૂર્ણ દસ્તાવેજો શેર કરતા બચવુ જોઈએ. કારણ કે આધારકાર્ડ ની જેમ પાનકાર્ડ પણ ખુબ જ મહત્વપૂર્ણ ડોકયુમેન્ટ છે તો લોકોએ પોતાના પાનકાર્ડની પણ ગુપ્તતા જાળવવી જોઈએ.

મોરબીમાં ધર્મ જોઈને માલ સામાન ખરીદો ના લાગ્યા દુકાને દુકાને પોસ્ટરો

પ્રતિનિધિ,ગાંધીનગર

જમ્મુ કાશ્મીરના પહેલગામમાં આતંકી હુમલામાં નિર્દોષ હિન્દુઓની હત્યા કરવામાં આવી છે. જેમાં લોકોનો ધર્મ પુછીને અને તેને ચેક કરીને ગોળીઓ મારવામાં આવી હતી.

જેથી કરીને તેના વિરોધમાં આજે ગુરૂવારે મોરબી વિશ્વ હિન્દુ પરીષદ અને બજરંગદળ દ્વારા શહેરના મુખ્ય બજારોમાં દુકાને દુકાને પોસ્ટર લગાડવામાં આવ્યા છે. જેમાં ધર્મ જોઈને સામાન ખરીદો, આ હિન્દુ ની દુકાન છે તેવુ લખવામાં આવેલ છે.

જમ્મુ કાશ્મીરના પહેલગામમાં દેશના જુદા જુદા રાજયોમાંથી ઘણા લોકો પરીવાર સાથે ફરવા માટે ગયા હતા અને પ્રવાસીઓ હરીયાળીનો આનંદ માણી રહ્યા હતા ત્યારે આતંકી હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં ૨૮ લોકોના મોત નિપજયા હતા અને આ હુમલો સંપૂર્ણપણે પૂર્વ યોજીત હતો એટલુ જ નહી પરંતુ ત્યાં હાજર રહેલા લોકોને તેમનો ધર્મ પુછીને અને તેના કપડા કાઢીને ચેક કરીને ગોળીઓ મારવામાં આવી હતી. ઓટોમેટીક હથિયારોનો ઉપયોગ કરીને લગભગ ૩૦ મીનીટ સુધી અંધાધુંધ ગોળીબાર કર્યો હતો અને સુરક્ષાદળો ઘટનાસ્થળે પહોચ્યા ત્યાં સુધીમાં તો હુમલાખોરો ભાગી છુટયા હતા. જેથી કરીને આ હુમલાનો ગામડે ગામડે વિરોધ થઈ

રહ્યો છે. ત્યારે મોરબી શહેરમાં વિશ્વ હિન્દુ પરીષદ અને બજરંગદળ દ્વારા મોરબીના દરબારગઢ, નહેરૂગેઈટ ચોક, રવાપર રોડ, જેલ રોડ, વઘાપરા, સહિતના શહેરના મુખ્ય વિસ્તારોમાં પોસ્ટરો લગાવીને વિરોધ કરવામાં આવી રહ્યો છે અને જે પોસ્ટરો લગાવેલ છે તેમાં લખ્યુ છે કે ધર્મ જોઈને સામાન ખરીદો આ હિન્દુ ની દુકાન છે જેથી તેના વિશે વાત કરતા વિહીપના જિલ્લા અધ્યક્ષે મીડીયા સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે નિર્દોષ લોકોને તેનો ધર્મ પુછીને કપડા કાઢીને અને કલમા ન પઢી શકે તેને ચેક કરી કરીને ગોળીઓ મારવામાં આવી હતી. જેથી કરીને તે લોકો જો ધર્મ પુછીને ગોળી મારતા હોય તો સનાતની હિન્દુઓને પણ જાગવાનો સમય આવી ગયો છે. વધુમાં મોરબી જિલ્લાના વિશ્વ હિન્દુ પરીષદના પ્રમુખ જિલેશભાઈ કાલરીયાએ ગરવી ગુજરાત સાથેની વાતચીતમાં કહ્યુ હતુ કે આજે શુક્રવારે મોરબીના શનારા રોડ થી નહેરૂ ગેઈટ ચોક સુધીની રેલી કાઢવામાં આવશે અને ત્યારબાદ નહેરૂગેઈટ ચોકમાં આતંકવાદ ના પુતળાનુ દહન કરવામાં આવશે તેમજ આજે શુક્રવારે વેપારીઓ સ્વયંભુ પોતાની દુકાનોને બંધ રાખીને આતંકી હુમલાનો વિરોધ કરવાના છે. ત્યારે મોરબી શહેર અને જિલ્લામાં દરેક હિન્દુઓએ હવેથી હિન્દુઓની સાથે જ આર્થિક વ્યવહારો કરવા જોઈએ. તેના માટેનુ આજે શુક્રવારે આહવાન કરવામાં આવશે તેવુ પણ તેમણે જણાવ્યુ હતું.

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસામાં ૨૦૦ની નોટ લેતા ખમણનો વેપારી થયો બેભાનઃ ગઠીયો ૫ હજાર લઈ છુમંતર

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં લુંટ ના કેસો દિનપ્રતિદિન વધી રહ્યા છે. ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા કથળી હોય તેવુ ગુજરાતીઓ અનુભવી રહ્યા છે.

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસામાં ખમણના વેપારીને લુંટી લેવાનો કિસ્સો બનવા પામ્યો છે. અજાણ્યા ઈસમે ખમણ લેવા માટે ૨૦૦ રૂપીયાની નોટ આપ્યા બાદ ખમણનો વેપારી બેભાન થઈ ગયો હતો ત્યાર બાદ ગઠીયાએ દુકાનમાંથી રૂપીયા ૫ હજાર રોકડા લઈ છુમંતર થઈ ગયો હતો. આ અંગે વેપારીએ મોડાસા ટાઉન મથકે ફરીયાદ નોંધાવી છે.

પોલીસસુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ મોડાસામાં કારમાં આવેલા ગઠીયાએ લુંટ કરવા માટે ખાસ ટ્રીક અપનાવી હતી. ખમણના નાના વેપારીને લુંટી લેવા માટે ગઠીયો કાળા કલરની કાર માં આવ્યો હતો જેથી વેપારી કે આજુબાજુના લોકોને કોઈપણ પ્રકારની શંકા ન જાય, આ ગઠીયાએ અજમાવેલી ટ્રીક માં વેપારી ફસાઈ ગયો હતો. ૨૦૦ ની નોટ હાથમાં લેતા જ વેપારી બેભાન થઈ ગયો હતો. ગઠીયો દુકાનમાંથી રોકડા ૫ હજાર લઈને છુમંતર થઈ ગયો હતો.

વેપારી ૧૦ મીનીટ બાદ ભાનમાં આવતા જ દુકાનમાં લુંટ થઈ હોવાની જાણ થઈ હતી. વેપારીએ ભાનમાં આવ્યા બાદ મોડાસા ટાઉન પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રકૃતિ-માનવીના વિષયો પર કલાકૃતિઓ રજૂ કરાઈ

MSUમાં ફાઈન આર્ટસ ફેકલ્ટીના વાર્ષિક પ્રદર્શનનો પ્રારંભ થયો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

એમ.એસ.યુનિવર્સિટીની ફાઈન આર્ટસ ફેકલ્ટીમાં બેચલર તથા માસ્ટરના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓએ પરીક્ષાના ભાગરૂપે બનાવેલી કલાકૃતિઓના બે દિવસના પ્રદર્શનનો આજથી પ્રારંભ થયો છે.

લગભગ ૧૨૦ વિદ્યાર્થીઓની કલાકૃતિઓ કલાપ્રેમીઓ માટે આ પ્રદર્શનમાં રજૂ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓએ પ્રકૃતિના રક્ષણ, માણસ અને પ્રકૃતિ વચ્ચે થતો ટકરાવ, મહિલાઓને એક વસ્તુની જેમ જોવાની સમાજની માનસિકતા જેવા વિષયો પર કલાકૃતિઓનું સર્જન કર્યું છે. જેમ કે પેઈન્ટિંગ વિભાગનો વિદ્યાર્થી આદી સ્વામિનાથન ઐયર ઓટિઝમનો ભોગ બનેલો છે. તેનું કહેવું છે કે, અન્ય વ્યક્તિઓ કરતા હું અલગ રીતે સમાજને જોતો હોઉં છું. જેમાં બાળસહજ નિર્દોષતા, ઈચ્છાઓનો રંગ ભળે છે અને મેં મારી નજરથી પ્રકૃતિ અને માનવીના સંઘર્ષને પેઈન્ટિંગમાં દર્શાવ્યો છે.

મૂળ કેરાલાના અરુણ બીનું કહેવું છે કે, મેં મારા શિલ્પ થકી કલા અને પ્રકૃતિ વચ્ચે સંવાદ સ્થાપિત કરવાનો પ્રયત્ન કર્યો છે. એક કલાકાર પ્રકૃતિ સાથે ઘર્ષણમાં ઉતર્યા વગર પણ પોતાનું અસ્તિત્વ ટકાવી શકે છે. મારા માટે સર્જન એ સ્વાતંત્રતાનું પ્રતિક છે. પેઈન્ટિંગ વિભાગની ખુશી પટેલે કહ્યું હતું કે, મારા પેઈન્ટિંગમાં મેં મહિલાઓને જોવાના સમાજના દ્રષ્ટકોણને પડકાર્યો છે. નારીવાદને મેં હકારાત્મક સ્વરૂપે દર્શાવીને તેના પર પ્રકાશ ફેંકવાનો પ્રયાસ કર્યો છે. મેં મહિલાઓ અને પ્રકૃતિને તેના મૂળ સ્વરૂપમાં સ્વીકારવું જોઈએ તેવો સંદેશ આપ્યો છે.

જૂના વડોદરા શહેરને કલાકૃતિ સ્વરૂપે રજૂ કરનાર અમદાવાદની મેઘા શાહનું કહેવુ હતું કે, હું મૂળે અમદાવાદની છું. ફાઈન આર્ટસમાં અભ્યાસ કરવા માટે વડોદરા આવી ત્યારથી ચાર દરવાજા વિસ્તારમાં ઘર ભાડે રાખીને રહું છું. જૂના વડોદરાની ઓળખ સમા સ્થાપત્યો અને મકાનો મારી નજર સામે એક પછી એક ખતમ થઈ રહ્યા છે. તેને આધુનિક ઓળખ મળી રહી છે. ભાવિ પેઢીને આ વારસાનો પરિચય મળવો જોઈએ. જેના કારણે મેં આ વિષય પર કલાકૃતિ બનાવી છે.

અંબાજી નજીકના હડદ ગામમાં રહેતી વિશ્વા પ્રજાતિએ ગ્રામ્ય વિસ્તારની ઝલક પેઈન્ટિંગમાં દર્શાવી છે. તેનું કહેવું છે કે, ગામડામાં રહેતી વખત હું પ્રકૃતિની નજીક હોઉં છું. તેની સાદગી, સુંદરતા અને ગામડાના ધબકારને પેઈન્ટિંગમાં દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે.

સામાન્ય રીતે ફાઈન આર્ટસના વાર્ષિક પ્રદર્શનમાં મોટી સંખ્યામાં મુલાકાતીઓ ઉમટી પડતા હોય છે. દર વર્ષે શનિવાર અને રવિવારની રજાઓમાં પ્રદર્શન યોજાતું હોય છે. પરંતુ આ વખતે સત્તાધીશોએ નવુ શૈક્ષણિક વર્ષ વહેલું ચાલું કરવાનું કારણ આપીને ગુરૂવાર અને શુક્રવારે પ્રદર્શનનું આયોજન કર્યું છે. ચાલુ દિવસ અને આકરી ગરમીના કારણે આજે પહેલા દિવસે મુલાકાતીઓની સંખ્યામાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો.

અમદાવાદમાં હિટ એન્ડ રનની ઘટના

બોપલમાં બે રાહદારીને કાર ચાલકે ૧૦ ફૂટ ઢસેડ્યા, નબીરો ફરાર

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદમાં હિટ એન્ડ રનની ઘટનાઓનો સિલસિલો યથાવત છે. બે દિવસ અગાઉ બોપલ ધુમા વિસ્તારમાં એક બોલેરો પીકઅપ ચાલકે મહિલાને અડફેટે લેતાં તેનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જાયા બાદ વાહન ચાલક ફરાર થઈ ગયો હતો. ત્યારબાદ હવે ફરી એકવાર અમદાવાદના બોપલ વિસ્તારમાંથી વધુ એક હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. સાઉથ બોપલમાં એક કારચાલકે ૨ રાહદારીઓને એડફેટે લઈ ૧૦ ફૂટ સુધી ઢસેડ્યા હતા. અકસ્માત સર્જ્યા બાદ કારચાલક ફરાર થઈ ગયો હતો. પોલીસે આ મામલે ફરિયાદ નોંધી કારચાલકને શોધવા ચક્રો ગતિમાન કર્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સાઉથ બોપલ વિસ્તારમાં આવેલા મેરીગોલ્ડ એપાર્ટમેન્ટ પાસે એક અજાણ્યા કાર ચાલકે પગપાળા જઈ રહેલા બે રાહદારીઓને અડફેટે લઈ ૧૦ ફૂટ ફંગોળ્યા હતા. આ બંને યુવક મહારાષ્ટ્રથી કાર્યક્રમમાં હાજરી આપવા આવ્યા હતા. આ દરમિયાન તેઓ ચાલતાં જઈ રહ્યા હતા, ત્યારે કોઈ અજાણ્યા કાર ચાલકે બેફામ ગતિએ ગફલતભર્યું ડ્રાઈવિંગ કરી તેમને અડફેટે લીધા હતા.

અકસ્માતમાં બંને યુવકોને ગંભીર ઈજા પહોંચતાં તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. પોલીસે આ મામલે ફરિયાદ દાખલ કરી છે અને અકસ્માતનો ગુનો નોંધી અજાણ્યા કારચાલકને શોધી કાઢવા તજવીજ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે હેલ્મેટ-લાયસન્સ સહિતની વિવિધ ડ્રાઈવ ભલે યોજવામાં આવે પણ બેફામ ઝડપે હંકારતા વાહનચાલકો પર અંકુશ મેળવવામાં ટ્રાફિક પોલીસ વિભાગ નિષ્ફળ રહ્યું છે. છેલ્લા બે વર્ષમાં અમદાવાદમાં જ હિટ એન્ડ રનથી ૩૪૫ વ્યક્તિના મૃત્યુ થયાનું સામે આવ્યું છે.

પહેલી જાન્યુઆરી ૨૦૨૩થી ૩૧મી ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન અમદાવાદ શહેરમાં ૩૪૪, અમદાવાદ ગ્રામ્યમાં ૩૯૫ હિટ એન્ડ રનના બનાવ નોંધાયા છે. જેમાં અમદાવાદ શહેરથી ૧૧૭, અમદાવાદ ગ્રામ્યથી ૨૨૮ વ્યક્તિના મૃત્યુ થયા છે. આ સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં હિટ એન્ડ રનથી ૩૪૫ વ્યક્તિએ જીવ ગુમાવ્યો છે.

અમદાવાદમાં શિક્ષકનુ જઘન્ય કૃત્યઃ સગીરાને નિર્વસ્ત્ર કરી વિડીયો ઉતાર્યાની ઘટના

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદમાં શિક્ષકનુ જઘન્ય કૃત્ય સામે આવ્યુ છે. અંકુર સ્કુલમાં શિક્ષક યશ વાઘેલા સામે સગીરાને ફોસલાવી, લગ્ન માટે દબાણ કરી હોટલમાં લઈ જઈ નિર્વસ્ત્ર કરી વિડીયો ઉતાર્યાની ઘટના સામે આવતા સગીરાની માતાએ સરખેજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે. ગુરૂનો દરજજો અપાતા શિક્ષક જ જયારે પોતાના શિષ્ય સામે ગંદી હરકત કરવા લાગતો હોય છે ત્યારે ગુરૂ શિષ્ય ના સંબંધને પણ લાંછન લાગે છે.

માતા પિતા પોતાના દિકરા અને દિકરીઓને સારા પાઠ ભણાવવા અને સુરક્ષા પણ મળી રહે તે આધારે શાળાએ મોકલતા હોય છે. પરંતુ શિક્ષક જ પોતાની હવસનો શિકાર દિકરીને બનાવે છે. ત્યારે સમાજ માટે અને માતા પિતાએ ચેતી જવાની જરૂર પડતી હોય છે. આવો જ એક કિસ્સો અમદાવાદની અંકુર સ્કુલમાં બનવા પામ્યો છે. અમદાવાદમાં શિક્ષક યશ વાઘેલાએ સગીરાને કબડ્ડીમાં ભાગ લેવા અને ફોર્મ ભરવા તેમજ સ્પોર્ટસની ટીકીટ લેવાના બહાને હોટલમાં લઈ ગયો હોવાનુ બહાર આવ્યુ છે. યશ વાઘેલા સગીરાને બ્લેકમેઈલ કરી લગ્ન માટે દબાણ કરતો હતો. છેલ્લા એક મહિનાથી હેરાન કરતા સગીરાએ કંટાળીને પોતાની માતાને વ્યથા બતાવી હતી. માતાએ સરખેજ પોલીસ માં ફરીયાદ નોંધાવતા કહ્યુ હતુ કે ગીતા મંદિરની નજીકની હોટલમાં જબરદસ્તીથી નિર્વસ્ત્ર કપડા ઉતારી વિડીયો બનાવી લગ્ન માટે દબાણ કરતો હતો. સરખેજ પોલીસે શિક્ષક યશ વાઘેલા વિરૂધ્ધ પોકસો હેઠળ ફરીયાદ નોંધી તપાસ શરૂ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે થોડા દિવસો અગાઉ વડોદરાના હરણી વિસ્તારમાં આવેલી જય અંબે વિદ્યાલયના પીટી શિક્ષક પંથેશ પંચાલ પર એક વિદ્યાર્થીની સાથે શારીરિક અડપલા કરવાનો ગંભીર આરોપ લાગ્યો હતો. વિદ્યાર્થીનીના પરીવારજનોએ આક્ષેપ કર્યો હતો કે શિક્ષકે વિદ્યાર્થીનીને અયોગ્ય રીતે સ્પર્શ કર્યો હતો. આ ઘટના બાદ વાલીઓએ શાળામાં ભારે હોબાળો મચાવ્યો હતો.

શાળા સંચાલકોએ તાત્કાલીક પગલા લેતાં આરોપી શિક્ષકને નોકરીમાંથી કાઢી મુકયો હતો. શિક્ષકે પોતાની ભુલ સ્વી